Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

**Published on 10th of every month**
**Annual Subscription Rs. 200 = 00**

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

**Vol. No. 28, Issue No. 09 10th June, 2024 Annual Subscription Rs. 200 = 00**

વર્ષ : ૨૮, અંક : ૦૯ ૧૦મી જૂન, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦



કર્મ સ્વતંત્ર નથી. કર્મનો આધાર મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ ઉપર છે. કર્મ કરતી વખતે જે હેતુ હોય તે પ્રમાણે પરિણામ છે. દેખીતી રીતે પાપકર્મ લાગે પણ મનાદિકરણમાં ઉત્તમ ભાવના હોય તો તે પ્રમાણે પરિણામ છે.

પાપ અને પુણ્યનું અસ્તિત્વ માત્ર કલ્પિત જ છે. લોકોને સત્કર્મ તરફ વાળવા માટેનો એ એક રાજમાર્ગ છે.

'જન્મ-પુનર્જન્મ', પ્ર. આ., પૃ. ૮/૯

\- શ્રીમોટા

ડૉ. યોગેશ દેસાઈ તથા શ્રીમતી હિનાબહેન દેસાઈ (હાલ અમેરિકા) તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- 'હરિવાણી ટ્રસ્ટ'ને કોર્પસફંડ માટે પ્રાપ્ત થયેલ છે.

શ્રીમતી હિનાબહેન તથા તેમનાં માતાપિતા અને ભાઈબહેનો વર્ષોથી પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ સાથે સંકળાયેલ હતાં અને આજે પણ છે. તેઓ તરફથી અવારનવાર આશ્રમની જરૂરિયાતોને પૂરી પાડવામાં આવેલ છે.

આવા ભક્ત પરિવાર તરફથી 'હરિવાણી ટ્રસ્ટ'ના ફંડ માટે સહયોગ પ્રાપ્ત થતાં 'હરિવાણી ટ્રસ્ટ' આભારની લાગણી વ્યક્ત કરે છે.

**- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.**

સ્વ. શ્રી ગિરીશભાઈ રાવજીભાઈ પટેલ, ભાદરણ (હાલ અમેરિકાના) સ્મર્ણાર્થે તેમનાં પત્ની ચંદ્રિકાબહેન પટેલ અને પરિવાર તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- 'હરિવાણી ટ્રસ્ટ'ને કોર્પસફંડ માટે પ્રાપ્ત થયેલ છે.

ચંદ્રિકાબહેન તથા તેમનાં માતાપિતા અને ભાઈબહેનો પૂજ્ય શ્રીમોટા તેમ જ હરિઃૐ આશ્રમ સાથે ઘણાં વર્ષોથી અનન્ય-અત્યંત ભાવનાત્મક રીતે સંકળાયેલાં છે.

આવા ભક્ત પરિવાર તરફથી 'હરિવાણી ટ્રસ્ટ'ના ફંડ માટે સહયોગ પ્રાપ્ત થતાં 'હરિવાણી ટ્રસ્ટ' આભારની લાગણી વ્યક્ત કરે છે.

**- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.**

પોંડિચેરી નિવાસી સ્વ. અશોકભાઈ એન. પટેલના સ્મરણાર્થે તેમનાં પત્ની વંદનાબહેન અને દીકરી મીરાબહેન તરફથી 'હરિવાણી ટ્રસ્ટ'ને કોર્પસફંડ માટે રૂ.૨,૦૦,૦૦૦/- આપવામાં આવેલ છે.

સ્વ. અશોકભાઈ આશરે ૫૦ વર્ષથી પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલ હતા. તેઓએ મૌનરૂમમાં આશરે ૪૦ થી વધુ વખત ૨૧ દિવસના અનુષ્ઠાન કર્યા હતા.

સ્વ. અશોકભાઈએ તેમના મૌનરૂમના અનુભવ વિગતથી જણાવેલ જે મે, ૨૦૨૪ના 'હરિભાવ'ના અંકમાં રજૂ કરવામાં આવેલ હતા. આવા સ્વજનના આત્માને પૂજ્ય શ્રીમોટા શાંતિકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના સાથે 'હરિવાણી ટ્રસ્ટ' આ પરિવાર પ્રત્યે ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે.

**- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.**

**પ્રકાશનસ્થળ :** **'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ.૧૫૦૦/- (ઍરમેઇલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/O. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,અમદાવાદ-૩૮૦૦૦૭
**દાન-ભેટ સાથે પાન નંબર અવશ્ય આપવો.**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
www.hariommota.org ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**
ટાઈપ સેટિંગ:**રામ કૉમ્પ્યૂટર, મો.:૯૮૨૪૬૧૨૨૮૮**
ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૮ અંક : ૦૯ જૂન, ૨૦૨૪**

## અનુક્રમ


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨ | આપણામાંનું ગૂઢ તત્ત્વ | શ્રીમોટા | ૫ |
| ૩ | પરમહંસ સ્વામી રામતીર્થ અમેરિકામાં | પ્રફુલ્લ પ્રા.ઠાકોર | ૮ |
| ૪ | ધ્યાનાવસ્થા | સંપાદકઃરતિલાલ મહેતા | ૧૧ |
| ૫ | સૂક્ષ્મ જગતની અદ્ભુત યાત્રા-૨ | અશ્વિનભાઈ રાવલ | ૧૩ |
| ૬ | શ્રી ગોદડિયા મહારાજ | સંપાદકઃરતિલાલ મહેતા | ૧૭ |
| ૭ | અદ્ભુત, અકલ્પનીય સિધ્ધિ | ગુજરાત સમાચાર,અમદાવાદ | ૧૮ |
| ૮ | વેદ- આચમન | કપિલભાઈ ઓઝા | ૨૧ |
| ૯ | ઉત્સવ અહેવાલ | ટ્રસ્ટી મંડળ | ૨૩ |


## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના વખતથી પૂજ્ય શ્રીમોટા અને હરિઃૐ આશ્રમ સાથે સંકળાયેલા પરિવારના વડિલ સભ્ય શ્રી રામભાઈ પી. પટેલ હાલ અમેરિકા નિવાસીનાં ૯૪માં જન્મદિન તથા શ્રી દિનેશભાઈ આર. પટેલની પુત્રી શ્રેયાનાં જીવનસાથી ડૉ.હર્ષ જે.પટેલ (યુ.એસ.એ.) ને મેડિકલ રેસીડેન્સી મળવા નિમિત્તે શ્રી રામભાઈ પી. પટેલ પરિવાર તરફથી 'હરિવાણી' ટ્રસ્ટને જ્ઞાનદાનરૂપે રૂા.૨૫,૦૦૦/- નો સહકાર મળેલ છે.

'હરિવાણી ટ્રસ્ટ' આ પરિવાર પ્રત્યે ઘણા ઘણા આભારની લાગણી વ્યક્ત કરે છે.

\- સંપાદક

## (૧) પ્રભુ રેઢો નથી ક્યાંયે !

સ્વજન વ્હાલાં જગતનાં હે ! તમે આવો પ્રભુચરણે;
હ્રદયથી વ્હાલ કરી જુઓ ! પ્રભુનો પ્રેમ કેવો છે!
તમારાને તમે ચ્હાતાં, છતાં તેયે તમારાં ના ;
અનુભવથી તમે નીરખ્યું, ભરાયાં છો છતાં ત્યાં કાં ?
ચઢી જુઓ પ્રભુ પડખે, મતિ, મન, પ્રાણ, દિલ દઈને ;
કયું સગપણ વધુ વ્હાલું ! પછી તે દિલ સમજાશે !
તમારે ના પડી પ્રભુની, પ્રભુ ભજવા નકામાં કાં ?
અમસ્તી દોટ મૂકો છો રખે ગબડી પડો, જો જો !
તમારે પુત્ર, પરિવાર, સખા, પત્ની, સહોદરની,
પડેલી શી પૂરેપૂરી ! બિચારો વેગળો પ્રભુ શો!
નકામા કો' ન ભરમાશો, પ્રભુ રેઢો નથી ક્યાંયે !
મફતમાં તે ન મળવાનો, ગનીમત સ્વાર્થ તમને તે !

પૃ-૪૨૭

## (૨) ભલા ! ભગવાનને માટે કરો છો કેટલું કહેશો ?

ગળા સુધી ભરેલો છે બધો સંસાર જ્યાં તમને !
પછી ભગવાનની વાતો નકામી વ્યર્થ કરવી તે !
તમે સંસારને માટે મહા શું કષ્ટ વેઠો છો !
ભલા ! ભગવાનને માટે કરો છો કેટલું કહેશો ?
તમે સંસારને માટે કહો ! શું શું ન દીધું છે ?
ભલા ! ભગવાનને માટે, ગણાવો શું શું આપ્યું છે ?
હ્રદય, મન, પ્રાણ, ધનને, તમે સંસારને દીધાં;
પ્રભુને આપવા કાજે, પછી બાકી રહ્યું શું ત્યાં ?
ભલો સંસાર તમને તે મુબારક હો ! મુબારક છે !
તમે અભડાવી મારો ના પરંતુ તે બિચારાને !

પૃ.૪૨૮

## (૩) પ્રભુપદમાં ફૂલ

ચરણ તારે પડી રહીને, ચરણસેવા બજવવી છે;
ચરણસેવાથી શા મેવા, મને મળતા રહેલા છે!
ચરણસેવાથી જે મળશે, હ્રદયઅમૃત તોલે તે;
ન સારા કે ન નરસાની કશી ત્યાં ગણતરી રહે છે!
હવે તો સર્વ કરવાનું, જીવનમાં સાંપડે છે જે-
પ્રભુપ્રીત્યર્થનું તે છે, હ્રદય પ્રેરાઈ તુજથી તે!
હ્રદયબળ ના હવે મુજ છે, બધું જે તે હરિનું છે;
થતું જે તે પ્રભુપદ્મે ચઢેલાં ફૂલ જેવું છે !

પૃ.૪૧૭

## (૪) પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ !

હ્રદયના પ્રાણ પાથરતાં મને ના વાર પણ લાગે;
તને આરામ, સુખ દેવા હ્રદય તે રીત વર્તે છે!
સતત વ્હાલો હ્રદય રાખી, નજર સામે કર્યા કરતો-
મળેલાં કર્મ ચહી ચહીને, પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ!
કરી કરી કર્મ જે તે સૌ, ચરણકમળે સમર્પું છું;
તને જે તે નિવેદીને પ્રભુ ખાલી રહું છું હું !
મને આધાર તારો છે, હ્રદય વિશ્વાસ एक જ તે;
ધણી નીરખ્યાં કરી મુજને હ્રદય શી પ્રેરણા દે છે!

પૃ.૪૧૬

જીવનઅનુભવગીત દ્વિ.આ.

## (૨) આપણામાંનું ગૂઢ તત્ત્વ

**શ્રીમોટા**

આખા બ્રહ્માંડના બધા અનેક તારાઓ, ગ્રહો બધા રિધમમાં ચાલે છે. તે એકબીજાથી નોખા હોવા છતાં એકબીજા સાથે સંકળાયેલા ચાલે છે. આમ લાગે છે નોખા નોખા, જુદા જુદા પણ એ એકમેકથી ચઢિયાતા સાથે સંકળાયેલા છે. તેવી રીતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એને લીધે પાંચ જ્ઞાનેન્દ્રિય - તે બધાં અહમ્ સાથે સંકળાયેલાં છે અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરે હૃદય સાથે એટલે કે, **આ સૂક્ષ્મ હૃદયની સાથે સંકળાયેલાં છે અને આ સૂક્ષ્મ હૃદય ચેતનાનું કેન્દ્ર અથવા મૂળ છે. અને એમાંય આપણામાં બેમત છે. કેટલાક કહે છે કે બ્રહ્મરંધ્રમાં માથાના મધ્ય ભાગમાં આવેલું છે. કેટલાક કહે છે કે આપણી છાતી પર બે ડીંટડીઓ છે તેના તદ્દન મધ્ય ભાગમાં તે સૂક્ષ્મ હૃદય આવેલું છે.**

આ જે સૂક્ષ્મ હૃદય છે, તે જેમ પાટા ઉપર ગાડી એના અમુક ડેસ્ટિનેશન - (મુકામ) ઉપર લઈ જાય છે. તેવી રીતે સૂક્ષ્મ હૃદય તેના અનુભવમાં એમાં પ્રેરણા પ્રેરવામાં, એમાં ગતિ થવામાં, એના સ્થળ ઉપર લઈ જવામાં આપણને સતત મદદગાર રહ્યા કરતું હોય છે. એને હું (પૂ.શ્રીમોટા) સાયકીક હાર્ટ કહું છું. સાયકીક હાર્ટ એ પ્રકૃતિથી સ્વતંત્ર છે. પ્રકૃતિથી તે દોરવાતું નથી એટલે તો સાયકીક હાર્ટમાં મિસ્ટિસિઝમ પણ રહેલું છે. પ્રકૃતિની અંદર ગૂઢ તત્ત્વ છે.

સંસાર વહેવારમાં કંઈ ઓછી મુશ્કેલીઓ નથી. તે મુશ્કેલીઓમાંથી આપણે ખુમારીથી, ખમીરથી, હેતુપૂર્વક ટકી રહેવાનું જે બળ છે,એ બળ સૂક્ષ્મ હૃદયમાંથી આપણને મળે છે.

મુશ્કેલી વખતે આપણે ભગવાનને આથી સિન્સેરિટિથી હૃદયમાં સાલતા દર્દથી આપણે જે પ્રાર્થના કરીએ તે પ્રાર્થના તો આપણે જાણે કે સામાન્ય રીતે આપણાથી બહાર કોઈ જુદી ડિવાઈનિટી (દિવ્યતા) છે એમ સમજીને કરીએ એમ નથી, પણ આપણા પોતાનામાં જ રહેલી હોય છે. અને એ પ્રાર્થના વડે કરીને આપણા પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને વધારે ખુલ્લાં કરવાને માટે વધારે મોકળાં કરવાને માટે, વધારે યોગ્ય માર્ગ ખૂલે તેવી દૃષ્ટિ સંપડાવવાને માટે આ પ્રાર્થના આપણે કરીએ છીએ. **આ પ્રાર્થના જરૂરની છે. તેમ કરતાં કરતાં આપણે જીવનની અંદર જે મિસ્ટિસિઝમ (ગૂઢતત્ત્વ) છે એનો આપણને અનુભવ થતો જાય છે.**

જીવનમાં મિસ્ટિસિઝમના પ્રસંગોનો અનુભવ છતો થતો જાય છે. એ પછીથી જ જીવન આવું જે ગૂઢતાભર્યું - રહસ્યવાળું એનું જે બંધારણ છે તે બંધારણ આપણાથી સમજાતું જાય છે. તેની મુક્તતા કોઈ ન્યારી છે. **પહેલાં તો મિસ્ટિસિઝમ ઈન લાઈફ આપણા અનુભવથી**

**પરખાવું જોઈએ. તે પછીથી મિસ્ટિસિઝમ ઑફ લાઈફ આવે.**

(૩, 'અન્વય-સમન્વય', પૃ. ૮૩, ૮૪, ૮૫, ૮૬)

## આપણા પોતામાંથી વસ્તુઓ ઉદ્ભવે છે

મારા ગુરુમહારાજે હુકમ કર્યો કે ધૂંઆધાર ધોધની સામે ડાબી બાજુએ ગુફા જેવું હતું, ત્યાં એટલો બધો ધોધ પડે કે એના બધાં ફોરાં એટલે બધે દૂર સુધી ઊડે અને આપણને ભયંકર લાગે, તે ધોધની વચ્ચે, ડાબી બાજુએ એક ગુફા જેવું હતું, ત્યાં પહોંચવું, પણ ત્યાં પહોંચવું કેમ ? હવે કોઈ ઉપાય તો જડે નહિ. તો પછી મેં તો પ્રાર્થના કરી, 'હે પ્રભુ, બુદ્ધિ તું જ છું અને બુદ્ધિ દ્વારા જ ઉપાય સૂઝે છે. તું જ મને ઉપાય બતાવનારો છે. ઉકેલ પણ તું જ કાઢનાર છે. હુકમ પણ તેં જ આપ્યો છે. તારી કૃપાથી મારો બેસવાનો નિશ્ચય પણ પાકો છે અને મને આ તેં સાધન આપ્યું છે, તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું છે. એ મારા ઉપર તારો કેટલો બધો ઉપકાર છે. બુદ્ધિમાં પ્રકાશ પાડનાર પણ તું જ છું. એ બાબતમાં ઉપાય સુઝાડનાર પણ તું જ છે. એટલે આનો ઉપાય પણ સુઝાડશે જ એવો નિશ્ચય છે, એવી પ્રાર્થના કરું. એ પ્રાર્થના મને રિઅલિસ્ટિક લાગી.'

મેં મારા ગુરુમહારાજને કહેલું, કે, 'યૂ આર સો મિસ્ટિક' - (આપ ઘણા રહસ્યમય છો) તો કહેલું કે 'આઈ કેન નોટ બી કન્વિન્સ્ડ' - (હું સહમત થઈ શકતો નથી) તારી ભૂલ છે. એમાં મારી કંઈ ખૂબી નથી. તારી મેળે જ તને આ થયું છે.' 'ખોટી વાત. મારી મેળે કેવી રીતે થાય? નહિ થાય. જાતોજાત તમે સામે ઊભા છો અને આ બધું મને શિખવાડ્યું. એ તો એક ને એક બે જેવી હકીકત છે. હવે તમે કહો કે, 'નથી શિખવાડ્યું. તું તારી જાતને શિખવાડી રહેલો છે.' આ તમારી ગૂઢતાભરી વાર્તા મને સમજાતી નથી. મને સ્પષ્ટપણે સમજાવો, તો સમજણ પડે. એમણે કહ્યું કે, **'જો તારી જિજ્ઞાસા ઊતરતાં ઊતરતાં તારા આંતરમાનસમાં પેસી ગયેલી છે. અચેતન મનમાં એવું છે કે એ જિજ્ઞાસા ત્યાં જઈને તને પેલા સાધનની પ્રેરણા આપે છે, તો હવે એ જાણે કે આ તું સ્વીકારી નહિ શકે, પણ સદ્ગુરુ પરનો તારો ભાવ છે, એટલે વચ્ચે સદ્ગુરુ આવી જાય છે. તે સદ્ગુરુને આણી દે છે એટલે એ કહે તે તું સ્વીકારી લે છે. હજી તારી એવી આકલનશક્તિ જાગ્રત થઈ નથી કે અંદરના માનસને તું સમજી શકે ને એની પ્રેરણા તું ઝીલી શકે એટલે આ વચ્ચે મને ઊભો કરી દે છે. મૂળ વાત તો આ છે. પણ એ તારાથી સ્વીકારય તેવી હકીકત છે નહિ. એટલે એવું મિસ્ટિસિઝમ જો હોય તો આટલું જ.**

ત્યારે બધી વાત મને સમજાઈ. આગળ જતાં આ વાત સાચી ખરી કે આપણા પોતાના જ સબકૉન્શિયસ માઈન્ડમાંથી અમુક વસ્તુઓ ઉદ્ભવતી હોય છે, તેનું આપણે આકલન નથી કરી શકતાં અથવા તો પૃથ્થકરણ પણ નથી કરી શકતાં. પણ ઘણી ચીજો, ઘણા બનાવો, ઘણા પ્રસંગો, જીવનનાં કેટલાંય રહસ્યો આમાંથી

પ્રગટતાં હોય છે. અને તેના ઉકેલ પણ ત્યાં જ હોય છે. પણ જ્યાં સુધી આપણે પહોંચી નથી શકતાં ત્યાં સુધી આપણે એને સ્પષ્ટપણે આપણી સામે ખુલ્લું કરીને જોઈ શકતા નથી. કારણ કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને એવી મુક્તતા થઈ નથી.

મન, બુદ્ધ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જ્યાં જ્યાં એ ચોંટ્યાં છે ત્યાંથી, ત્યાં હોવા છતાં એનાથી મુક્ત છે, એવો અનુભવ અંતે ન થાય ત્યાં સુધી - આંતરમાનસને એ સમજી નહિ શકે અથવા તો ત્યાં સુધી એ પહોંચી નહિ શકે. એટલે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ જ્યાં જ્યાં છે ત્યાં ને ત્યાં રહે અને ત્યાં હોવા છતાં પોતે એનાથી મુક્ત છે તેવો જ્યારે અનુભવ થાય છે ત્યારે એ સબકૉન્શિયસ માઈન્ડને બરોબર સમજી શકે છે અને એના આદેશો ઝીલી શકે છે અને તે પ્રમાણે વર્તી શકે છે.

મુક્તતાપણું પ્રગટ થયા સિવાય આ રહસ્યો પણ નથી સમજાતાં એ બહુ જરૂરનું છે. એટલે ગુરુમહારાજે મને કહ્યા પછી બધી વસ્તુ મને ખ્યાલમાં આવવા માંડી. તે પછીથી ઘણા વખત પછીથી આ બધું સ્વતંત્રપણે અનુભવવાનું થવા માંડ્યું. **ખરેખર સદ્‌ગુરુ તો એવા હોય છે કે કોઈને પણ પોતાના ગુલામ બનાવવા ઈચ્છતા હોતા નથી.**

(૩, 'અન્વય-સમન્વય', પૃ. ૮૬, ૮૭, ૮૮)

સંકલનકર્તા : બાબુભાઈ રામી

## મુક્તકો

**ડૉ. સુધીર સી મોદી**

(૧)

એકવાર કરી પ્રાર્થના પ્રભુને
સમજવો તમારો આકાર મુજને
પ્રભુએ કહ્યું -
તે જ મારો આકાર
તે જ મારું સ્વરૂપ
સમજી શકે જો આકાશને
ના રહે સમજવાનું મને

(૨)

પ્યારભરી આ દુનિયામાં
ચાલો, એકબીજાને મળીએ,
ધરી હૈયાની હૂંફ હરખે
મોંઘેરું જીવન માણીએ, જીવીએ.

(૩)

મનમાં વિચાર તારો રહે
હૃદયે સ્વરૂપ તારું રહે
હોઠ સદાયે હરિને જપે
પ્રાર્થું શ્રીનાથ સદા તને.

(૪)

છોડો માનવસેવાની વાત તમે
નિભાવો ફરજ દિલથી તમે.

(૫)

ફૂલમાં નીરખતો હાસ્ય પ્રભુનું,
કુદરતના બાગમાં રોજે ખીલતું.
મનોજગતે અનેરા રંગે ભરતું
હૃદયકમળ આનંદ રોજ આપતું.

# (૩) પરમહંસ સ્વામી રામતીર્થ અમેરિકામાં

પ્રફુલ્લ પ્રા. ઠાકોર

ઈ.સ. ૧૯૦૨ના નવેમ્બર માસમાં સ્વામી રામતીર્થ અમેરિકા આવી પહોંચ્યા. શરૂઆતનો થોડો સમય તેમણે પ્રોફેસર છત્રેના સરકસ સાથે જ ગાળ્યો, પરંતુ જેમ જેમ તેઓ અમેરિકાના લોકોના પરિચયમાં આવતા ગયા, તેમ તેમ અમેરિકાના લોકોના મનમાં તેમને માટે માન અને ભક્તિ ઉત્પન્ન થયાં - તે એટલે સુધી, કે સ્યાટલ શહેરના લોકોએ છત્રેજી પાસેથી સ્વામીજીને છીનવી લીધા.

અમેરિકામાં સ્વામી રામ લગભગ બે વર્ષ સુધી રહ્યા, તે દરમિયાન ઘણોખરો સમય તો પોતાના હંમેશના એકાંતપ્રિય સ્વભાવ અનુસાર તેમણે કેલિફૉર્નિયાનાં જંગલોમાં જ ગાળ્યો. અમેરિકામાં તેમણે જુદે જુદે સ્થળે ભાષણો આપેલાં; પણ તે તો આગ્રહપૂર્વક થયેલાં આમંત્રણોને માન આપીને જ. તેમનો પ્રભાવ એટલો જબરો હતો, કે બે વર્ષ જેટલા ટૂંકા સમયમાં અને તેમાંનો મોટો ભાગ એકાંતમાં ગાળવા છતાં યે અમેરિકામાં તેમનું કાર્ય બહુ મહત્ત્વનું થઈ પડ્યું.

સામા માણસને પ્રેમથી જીતી લેવાની અદ્દભુત શક્તિ સ્વામીજીમાં ખૂબ જ હતી. આનું એક ઉદાહરણ હું આ પુસ્તકની શરૂઆતમાં જ આપી ગયો છું. જે જે સ્ત્રી-પુરુષો તેમના સંસર્ગમાં આવતાં, તે બધાં સ્વામી રામને સાચા હૃદયથી ચાહતા. ડૉ. આલ્બર્ટ હિલર નામના એક અમેરિકન ગૃહસ્થ અને તેમનાં પત્નીને સ્વામીજી માટે એટલું બધું માન હતું કે તેમણે સ્વામીજીને પોતાને ત્યાં જ રાખ્યા હતા. શાસ્ટાના ઝરણા નજીક એ ડૉક્ટરે બંધાવેલા મકાનમાં સ્વામીજી લગભગ એક વર્ષ સુધી રહ્યા હતા અને ડૉક્ટર અને તેમનાં ધર્મપત્નીનાં જીવન ધન્ય કર્યાં હતાં.

હિમાલયમાં સ્વામી રામ રહેતા હતા, ત્યારથી જ કસરત કરવાનો તેમણે નિયમ રાખ્યો હતો.

પોતાની લાંબી મુસાફરી દરમિયાન તેમણે આ નિયમ તોડ્યો ન હતો. અમેરિકા જેવા કર્મપરાયણ દેશમાં તો તેઓ આ નિયમ ઉપર ખાસ ધ્યાન આપતા. પોતાના શાસ્ટાના નિવાસ દરમિયાન નજીકના ઝરણા ઉપર જંગલમાંથી જાતે લાકડાં કાપી લાવી, તેમણે એક નાનો એવો પુલ તૈયાર કર્યો હતો. બાળવા માટે લાકડાંની ભારીઓ તેઓ જાતે લઈ આવતા. તેઓ કહેતા : “અમેરિકા જેવા દેશમાં શારીરિક શ્રમ વગર જીવવું એ યોગ્ય નથી; એટલા માટે રામ પણ બહુ મહેનત કરતા.’

શાસ્ટાના ઝરાઓની ખીણમાં ત્યાંના પ્રવાસીઓ દૂર મૂળ સુધી દોડવાની શરત રમતા. આવી શરતમાં એકવાર દોડીને સ્વામીજી પહેલા આવ્યા હતા; પરંતુ જ્યારે તેમને આવું ઇનામ આપવામાં આવ્યું ત્યારે તેમણે તે આભાર સહિત પાછું વાળ્યું. એકવાર ત્યાંના સિપાઈઓની ત્રીસ માઈલ દોડવાની શરતમાં સ્વામીજી કેવળ ગમ્મત ખાતર દોડીને બે કલાકમાં સૌથી પહેલા આવી ગયા હતા !

સ્વામી રામતીર્થના ઉપદેશથી અમેરિકામાં અનેક સભાઓ સ્થાપવામાં આવી. આ સભાઓનો મુખ્ય ઉદ્દેશ અમેરિકામાં વસતા હિંદી વિદ્યાથીઓને મદદ કરવાનો હતો. તેમનો ઉપદેશ સાંભળવા આવનાર મંડળને તેમણે 'સંતમંડળ' એવું નામ આપ્યું હતું. આ મંડળના જિજ્ઞાસુ સભ્યો કાગળ ઉપર પોતાની શંકા અને પ્રશ્નો લખી લાવતા અને સ્વામીજી એક પછી એક એમ બધા પ્રશ્નોના ઉત્તર આપતા. આ મંડળમાં નિયમિત રીતે હાજરી આપતાં એક બહેન શ્રીમતી પોલિન વ્હિટમેન સ્વામીજીનાં લગભગ બધાં વ્યાખ્યાનોની ટૂંકી નોંધ લઈ લેતા અને બીજે દિવસે તેને ટાઇપ કરી સ્વામીજીની સેવામાં ધરતા. સ્વામીજી ઘણીવાર પોતાના ઉત્તમ વિચારોને ગદ્યમાં ગોઠવી આપતા અને થોડાક જ સમયમાં આ બહેન તેમને સુંદર પદ્યમાં ગોઠવી લાવતાં. અમેરિકામાં સ્વામી રામતીર્થે જે ઉપદેશ આપેલા, તે અત્યારના - આપણને મળી શકે છે, તેનો બધો યશ આ બહેનને ફાળે જ જાય છે.

એકવાર એક અમેરિકન બહેન સ્વામીજીની પાસે આવી ખૂબ રડ્યાં. તેમનું એક બાળક થોડા સમય પહેલાં જ મૃત્યુ પામ્યું હતું; એટલે તે બહુ દુ:ખી હતાં. સુખી થવાની ઇચ્છાથી આ બહેન સ્વામીજી પાસે આવ્યાં હતાં. સ્વામીજીએ તેમને કહ્યું : "હા, રામ સુખ વેચે છે, પણ તમારે તેની ભારે કિમંત આપવી પડશે." કોઈપણ ભોગે સુખી થવાની ઇચ્છાથી આ બહેને સ્વામીજીની વાત કબૂલ રાખી. સ્વામીજીએ કહ્યું : "વારુ ત્યારે, જાઓ પેલા હબસીના છોકરાને ખોળે લો, તેનું પ્રેમથી લાલનપાલન કરો અને તેને તમારો પુત્ર માની લો." સફેદ ચામડીના અભિમાનથી અંધ બનેલા તે અમેરિકન બહેન એક હબસીના છોકરાને ખોળામાં લેવાની વાત ક્યાંથી સમજી શકે ? તેમણે કહ્યું : "પણ સ્વામીજી, એ તો બહુ મુશ્કેલ છે !" "ત્યારે સુખી થવું, પણ એટલું જ મુશ્કેલ છે," સ્વામીજી તરત જ બોલી ઊઠ્યા, પણ ધન્ય છે એ બહેનને, કે આખરે તેમણે એ હબસીના છોકરાને પોતાના ખોળામાં લીધો, તેનું પોતાના જ પુત્રની માફક હેતથી લાલનપાલન કર્યું અને સાચું સુખ મેળવ્યું.

સ્વામી રામના એક ભાષણના પ્રભાવથી મુગ્ધ થઈ એક અમેરિકન વર્તમાનપત્રે લખ્યું :

"જીવતા ઈસુ ખ્રિસ્ત અમેરિકામાં પધાર્યા છે." ન્યૂયોર્કના બીજા એક વર્તમાનપત્રે લખ્યું : "હિંદુસ્તાનથી અમેરિકામાં એક એવા વિચિત્ર સાધુ આવ્યા છે, જે પોતાના ચશ્માં સિવાય બીજી કોઈ ધાતુને અડકતા નથી. પોતાની સાથે કોઈ પણ જાતની ભોજનસામગ્રી તેઓ રાખતા નથી. જ્યારે ફરવા નીકળે છે, ત્યારે ફક્ત સાધારણ કપડાં પહેરી કેટલાય દિવસો સુધી ઠંડા સ્થાનોમાં ફર્યા કરે છે. જ્યારે ભાષણ આપે છે ત્યારે એક ભાષણમાં ત્રણ કલાક સુધી લાગલાગટ બોલ્યા કરે છે !"

અમેરિકામાં સાધારણ રીતે ભાષણો માટે ટિકિટ રાખવાનો રિવાજ હોય છે. સ્વામી રામનાં ભાષણો માટે પણ કેટલાંક મંડળોએ ટિકિટ રાખી હતી. સ્વામીજીને પોતાને તે ધનની કંઈ પણ જરૂર ન હતી.એટલે જ્યારે તેમણે ઉપરની હકીકત જાણી, ત્યારે તેમણે સાફસાફ જાહેર કરી દીધું કે, "મારાં વ્યાખ્યાનો તો મફત અપાય છે !' આ જાહેરાતથી શું ગરીબવર્ગ કે શું તવંગર - સૌ કોઈ સ્વામીજીનાં વ્યાખ્યાનોનો લાભ લેવા લાગ્યા. તે વખતનો અમેરિકાનો પ્રેસિડેન્ટ પણ રામનો પ્રશંસક બની ગયો હતો અને તેમને મળવા આવ્યો હતો. સ્વામી રામે જ્યારે અમેરિકા છોડ્યું, ત્યારે સેંકડો સ્ત્રી-પુરુષો રડી પડ્યાં હતાં અને તેમને વિનંતી કરી હતી કે, "અમારા દેશમાં ફરી પાછા જરૂર પધારજો."

પરમહંસ સ્વામી રામતીર્થ આ.પ્ર.પૃ.૩૭-૪૩)

## શબ્દ અને પ્રકાશ

સંસારમાં બે વસ્તુઓ માર્ગદર્શનનું કામ કરે છે. એક શબ્દ અને બીજો પ્રકાશ. આ બન્ને માર્ગ ઉપર ચાલવાથી પરમાર્થની પ્રાપ્તિમાં પ્રગતિ થાય છે.

શબ્દ સાંભળવો અને પ્રકાશ જોવો એ બન્નેને સાધના સાથે સીધો સંબંધ છે. સાધનામાં આ બન્નેનું જુદું કાર્ય છે. આપણી અંદર જ્યોતિ અથવા પ્રકાશ છે અને જ્યોતિની અંદર વાણી અથવા શબ્દ છે. પ્રકાશરૂપી જ્યોતિ અને તેમાંથી ગુંજારાવ કરી રહેલ શબ્દ નાદનો અનુભવ સદ્‌ગુરુની કૃપાથી થાય છે.

ધ્વનિ કે ધૂનના તરંગો અમુક હદ સુધી ધ્વનિ ઉત્પન્ન કરે છે, પણ જો તેની ગતિ અનેકગણી વધી જાય તો તે પ્રકાશમાં બદલાઈ જાય છે. આ શબ્દ જ વાસ્તવિક જીવનધારા છે. શબ્દ વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી.

- હજૂર સાવનસિંહજી મહારાજ

---

**પાના નં.૧૨ નું ચાલુ**

અમદાવાદના સાંઈ સમાજના સંચાલક શ્રી રતિલાલ શેઠે પૂ. શ્રીમોટાને સાંઈ ભક્તોની સભામાં સત્સંગ માટે આંમત્રેલા. શ્રીમોટાએ થોડું બોલીને જાહેર કરેલું કે, જે કોઈને પ્રશ્ન પૂછવો હોય તે પૂછે. તેનો જવાબ તેઓ આપશે. પણ દર પ્રશ્નદીઠ અમુક આના કે રૂપિયો પ્રશ્નકર્તાએ આપવો ને તે રકમ અમદાવાદના રક્તપિત્તાશ્રમને મોકલી આપવાની છે, એમ પણ તેમણે જાહેર કર્યું, સભાને અંતે રૂા.૬૭ ભેગા થયા ને પેલા આશ્રમને મોકલી આપ્યા.

શ્રીમોટા સાથે વાર્તાલાપ ત્રીજી આ.પૃ.૨૧૮-૨૨૦

શ્રી રામકૃષ્ણ પરમહંસની ધ્યાનાવસ્થા ને સમાધિ-અવસ્થા વિષે શ્રી હેમંતભાઈએ વાંચેલું એટલે એવી સમાધિ જોવાની એમની ઈચ્છા. ત્યાં એક યોગાશ્રમના પૂ.શ્રી અમરનાથજીએ વાતચીત દરમ્યાન કહ્યું કે, 'હું એવી સમાધિ બતાવું જો કોઈ દશ હજાર રૂપિયા આપે તો.' શ્રી હેમંતભાઈના મનમાં એક હજાર રૂપિયા આપવાની તૈયારી. એટલે એ ન બન્યું. દરમ્યાન ૧૯૩૮માં તેઓ કરાંચી ગયા. કરાંચીમાં પૂ.શ્રીમોટા તે વખતે શ્રી પરસદભાઈ મહેતા જેમને 'બાપુ' ના હુલામણા નામે બોલાવતા તેમને ત્યાં રહેતા હતા. ત્યારે તેમની પેલી ઈચ્છા વગર કહે સંતોષાઈ હતી તેમ શ્રી હેમંતભાઈ જણાવે છે. શ્રી હેમંતભાઈ કહે છે કે, 'પૂ. શ્રીમોટા કેટલીકવાર જાણી જોઈને ધ્યાનમાં બેસે ને દેહભાન તદ્દન જતું રહે. કોઈવાર આવી રીતે ધ્યાનમાં ન ગયા હોય ને એકાએક સમાધિમાં જતા રહે. સમાધિ બહુ લાંબો વખત નહોતી રહેતી, કારણ કે એમણે હંમેશાં સંસારનાં કર્તવ્યોને જાળવીને જ પોતાની અનુભવદશા મેળવી છે. આ ધ્યાન કે સમાધિ દરમ્યાન એમની આંખો ઘણું ખરું તદ્દન ઉઘાડી ને પહોળી રહેતી પણ ડોળા બિલકુલ હાલે નહિ. શરીર તદ્દન લાકડા જેવું અક્કડ. કેટલીક વાર ટટ્ટાર બેઠાં બેઠાં પણ પડી ગયા વગર આવી રીતે સ્થિર થઈ જતા. પૂ. બાપુ (સ્વ. શ્રી પરસદભાઈ એન.મહેતા) એ આ જાતની સમાધિનું નામ શોધેલું - 'શાંભવી મુદ્રા' - શંભુની - મહાદેવની મુદ્રા, જેનું લક્ષણ હતું. અંતર લક્ષં બહિર્ દષ્ટિ.'

## સાચી કળા....વિદ્યા

આ પુસ્તકના સંપાદકને હસ્તરેખાશાસ્ત્રમાં કંઈક રસ તેથી તે એક નિષ્ણાત મિત્રને કોઈના હાથની રેખાની છાપો મોકલે ને અભ્યાસ કરે, ૧૯૬૩ના ફેબ્રુઆરીમાં તેને પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન થયું ને કંઈક નિકટતા પામતાં તેમની હસ્તરેખાઓની છાપ લેવાની વૃત્તિ સળવળી. તે સંબંધે તેમને વિનંતી કરતાં પૂ. શ્રીમોટાએ તુરત જ પ્રેમથી તેમના બે હાથ આગળ ધર્યા ને કહેવા લાગ્યા. 'હા, હા. લઈ લો છાપ ને મને કહેજો કે મારા નસીબમાં શું છે ?! એક જણ હાથ જોઈને કહે કે, 'મોટા, તમારા હાથમાં હાથી-ઘોડાનું સુખ બતાવે છે!'.... મેં કહ્યું, 'અરે ભાઈ! ગધેડાનું ય સુખ નથી.' હસાહસ

અને તેમની હથેળીઓ કાળી શાહીથી કાળી કરીને તેની છાપો લીધી. પછી એ છાપવાળો કાગળ તેમની સહી (ઑટોગ્રાફ) માટે આગળ ધરતાં, તેમણે તે ઉપર આમ લખ્યું : 'જીવનને જાણવું, સમજવું ને અનુભવવું એ જ સાચી કળા અને સાચી વિદ્યા-મોટા. ૩૧-૧૨-૬૩

આ ઉપરથી તેમના સમાગમમાં આવતા ભાવુકોને તેઓશ્રી કેવી રીતે જીતી લેતા તેનો ખ્યાલ આવશે. એ એમની અદ્‌ભુત કળા હતી, કહો પ્રેમકળા હતી. એટલે જ પૂજ્યશ્રી સાથે સત્સંગ વધતાં આ સંપાદકનો હાથ જોવાનો રસ સુકાઈ ગયો.

બીજી એક વાર તેમની હસ્તરેખાઓ પર વાતચીત થતાં તેમણે પૂછ્યું : 'આ હાથમાંની રેખાઓને આભારી આ 'મોટા' છે કે 'મોટા' ને લીધે આ રેખાઓ છે?' અલબત્ત મોટાને લીધે!'

## મદદ

શ્રીમોટાએ અપાર ગરીબી સહન કરેલી તેથી બીજાંઓની સ્થિતિ સમજતા હતા અને તેથી તેમણે કર્મયોગ અપનાવેલો. ફાળા ઉઘરાવતા ને સમાજને ચરણે ધરી દેતા. તેમણે ક્યારથી આવી પ્રવૃત્તિ શરૂ કરી હશે તે ચોક્કસપણે કહી ન શકાય, પણ તેઓશ્રી હરિજનસેવામાં હતા ત્યારથી તેમણે તેમની શક્તિ પ્રમાણે શરૂઆત કરેલી કેમકે કરુણા અને કદરભાવના એ તેમને સ્વભાવગત પહેલેથી હતાં. જાહેર રીતે ફાળો ઉઘરાવ્યાનો એક નાનો પ્રસંગ ૧૯૫૧માં અમદાવાદ ખાતે બન્યાનું શ્રી હેમંતભાઈ જણાવે છે. એ આપણે જોઈએ કેમકે એ દ્વારા શ્રીમોટાની મૌલિક રીતની જાણ મળે છે.

અનુ.પાના-૧૦ પર

**પાના નં.૨૫ નું ચાલુ**

શ્રીમોટાનાં ભજનો તેમજ આ પ્રકારના ઉત્સવનો લાભ મેળવવા માટે આશ્રમની ચેનલ https://youtube. com/@HariOmmota ને સસ્ક્રાઈબ કરવાં નમ્ર વિનંતી છે.

ખૂબ જ ભાવભર્યા વાતાવરણમાં ગુરુવંદના કરી ઉત્સવનું સમાપન થયું. સૌ સ્વજનોએ મનોમન શ્રીમોટાનો આગામી ભાદરવા વદ ચોથના જન્મદિન ઉત્સવમાં ફરી ભેગાં મળવાના સંકલ્પ સાથે ખીચડી-કઢી અને શાકનો દિવ્ય પ્રસાદ આરોગી સૌ છૂટા પડ્યા. શ્રીમોટાનો આગામી જન્મદિન ઉત્સવના યજમાન શ્રીમતી ઉષાબહેન ખેર દ્વારા નડિયાદ મુકામે યોજાનાર છે.

ઉત્સવ દરમ્યાન પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીનો અનુભવ અનેક સ્વજનોને થયો હતો. ઉત્સવના અંતે આશ્રમ તરફથી યજમાન શ્રી હેમંતભાઈ મોદી પરિવારને પૂજ્ય શ્રીમોટાના ફોટાની સ્મૃતિભેટ આપવામાં આવી હતી. યજમાન પરિવાર તરફથી ઉત્સવમાં પધારનાર સૌ સ્વજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. હરિઃૐ આશ્રમ-સુરત ટ્રસ્ટીમંડળ ઉત્સવને સફળ બનાવવા માટે મદદરૂપ થયેલ તમામ સ્વજનોનો, યજમાન પરિવારનો, મુખ્ય મહેમાન, સૌ સ્વજનો, દાતાશ્રીઓ વગેરેનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે.

લિ. મેનેજીંગ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ, સુરત.

## (૫) સૂક્ષ્મ જગતની અદ્‌ભુત યાત્રા-૨

**અશ્વિનભાઈ રાવલ**

સ્વામી અભેદાનંદજી મહારાજની વાતો ખરેખર ખૂબ જ રસપ્રદ હતી. મનમાં ઊભા થતાં ઘણા બધા સવાલોના જવાબો તેમની વાતોમાંથી મળી જતા હતા. શાસ્ત્રોમાં તો ઘણું બધું વાંચ્યું હતું. ગરુડપુરાણ પણ વાંચ્યું હતું પણ મૃત્યુ સમયના અનુભવો ક્યાંય પણ વાંચવા મળ્યા ન હતા.

સ્વામીજી ઊંડા ધ્યાનમાં કલાકો સુધી બેસી શકતા. તેઓ સૂક્ષ્મ જગતમાં ઘણા બધા સંત મહાત્મા તેમ જ સામાન્ય સ્તરના આત્માઓને પણ મળ્યા હતા. મૃત્યુ પછીની દુનિયાનું એમને જ્ઞાન હતું. પ્રેતયોનિમાં ભટકતા દુઃખી આત્માઓ સાથે પણ એમણે વાતચીત કરી હતી. તેથી તેમના અનુભવોમાં સચ્ચાઈનો રણકો હતો અને ઘણાં બધાં રહસ્યો જાણવા મળ્યાં હતાં.

બીજા દર્શનાર્થીઓ રવાના થઇ ગયા પછી ફરી પાછી પુષ્કરભાઈએ વાત આગળ ચલાવી.

"સ્વામીજી આપણાં શાસ્રોમાં ચૌદલોકની વાત કરેલી છે. સાત ઊર્ધ્વ લોક - સ્વર્ગના અને સાત અધો લોક - નરકના. તો આવા લોક ખરેખર હોય છે ખરા ? અને આત્માઓ આ બધા લોક સુધી પહોંચે છે ખરા ?"

"આપણાં શાસ્રોમાં લખેલી તમામ વાતો સંપૂર્ણ સત્ય છે. પરંતુ મોટાભાગના જીવો શરૂઆતના ત્રણ લોક કે જે પ્રેતલોક કહેવાય છે એમાં જ ફરતા હોય છે. આધ્યાત્મિક માર્ગે આગળ વધેલા જીવો અને ખાસ કરીને ધ્યાનમાં જેમણે અનાહતચક્ર સિદ્ધ કર્યું છે એવા લોકો જ ચોથા લોક સુધી એટલે કે મહત્લોક સુધી પહોંચી શકે છે."

"જેમ તમારી સાધના ઊંચી અને તમારો ધ્યાનયોગ ઊંચો એમ તમારી યોગ્યતા ઉપરના લોક સુધી જવાની વધતી જાય છે. તમારા શરીરનાં જેટલાં ચક્રો સક્રિય થાય એટલા લોક સુધીનો માર્ગ તમારા માટે ખૂલે. તમે સમાધિ અવસ્થા સુધી પહોંચી શકો તો છેલ્લા સત્યલોક સુધી પણ જઈ શકો. ધ્યાનયોગની જેમ તીવ્ર ભક્તિયોગ અને જ્ઞાનયોગથી પણ ચક્રો ખૂલતાં હોય છે."

"આ લોક કેવા હોય છે ? ઉપરના લોકમાં ઈશ્વરનાં દર્શન થઈ શકતાં હોય છે ?"

"આ તમામ લોક એક પ્રકાશમય વાતાવરણના બનેલા હોય છે અને સૂર્યમંડળમાં જ આવેલા છે. આ તમામ લોકમાં સૂર્યનો દિવ્ય પ્રકાશ ચોવીસ કલાક આવતો હોય છે. તે દઝાડતો નથી પણ સવારની જેમ કોમળ હોય છે. પૃથ્વી કરતાં આ પ્રકાશ થોડો જુદો અને આછા બ્લૂ રંગનો હોય છે. અહીં રાત પડતી નથી અને સવાર - બપોર - સાંજ જેવું પણ કંઇ હોતું નથી. તમે કલ્પના પણ ન કરી હોય એવી અદ્‌ભુત સુગંધનું અહીં વાતાવરણ હોય છે."

"કોઈપણ લોકમાં પૃથ્વીની જેમ કોઈ વસ્તુ સ્થૂળ નથી. તમામ લોકમાં પાણીનાં જળાશયો છે, વનસ્પતિઓ છે, બગીચાઓ છે. ઈશ્વરનાં દિવ્ય મંદિરો પણ છે પણ એ બધું જ સૂક્ષ્મ છે. તમે નરી આંખે ન જોઈ શકો. સૂક્ષ્મ શરીર દ્વારા જ તે જોઈ શકાય છે અને અનુભવી શકાય છે. ટૂંકમાં કહું તો આ એક મનોમય જગત છે. સૂક્ષ્મ જીવ પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યાં એક ક્ષણમાં જઈ શકે. પાણી પીવાની ઈચ્છા થાય તો એક ક્ષણમાં એ જળાશય પાસે પહોંચી શકે. કોઈ સ્વજનને કે પૂર્વજન્મના કોઈ મિત્રને મળવા માંગે તો વિચારમાત્રથી મુલાકાત થઈ શકે. સંકલ્પ માત્રથી બધું મળે."

"ચોથા લોકથી ઈશ્વરનું સામ્રાજ્ય ચાલુ થાય છે એટલે કોઈ નેગેટિવ કે નકારાત્મક વિચારો અહીં કામ ન કરી શકે. ત્રણ લોક સુધી જ ઈર્ષા, વેર-ઝેર, દ્વેષ, બદલો લેવાની ભાવના વગેરે નકારાત્મક વિચારો સૂક્ષ્મ શરીર પાસે હોય છે. ચોથા લોકમાં આવતા પહેલા અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું હોય છે એટલે આ લોકમાં આવ્યા પછી માત્ર પ્રાયશ્ચિતની ભાવના હોય છે. માનસપટલ ઉપર જરાપણ રાગદ્વેષ હોય તો ચોથા લોકમાં પ્રવેશ મળતો નથી. આ લોકમાં ક્ષમાશીલતા હોય છે અને હૃદયમાં માત્ર પ્રેમભાવ જ હોય છે."

"તમારે આ બધી બાબતોને થોડીક સાયન્ટિફિકલી સમજવી પડશે. આ આખું બ્રહ્માંડ અને પૃથ્વી અલગ-અલગ તરંગોનાં બનેલાં છે. જુદા જુદા પદાર્થોની જુદી જુદી વેવલેન્થ હોય છે.

આપણું સ્થૂળ શરીર પણ ચોક્કસ તરંગોનું બનેલું છે. આપણી દૃષ્ટિની એક મર્યાદા છે અને તે અમુક વેવલેન્થ એટલે કે ચોક્કસ તરંગલંબાઈ સુધી જ જોઈ શકે છે. મનુષ્યની આંખો ૩૮૦ નેનોમીટરથી ૭૫૦ નેનોમીટર સુધીની મર્યાદામાં જોઈ શકે છે. જે પણ પદાર્થો કે રંગોની મર્યાદા આ રેન્જમાં હોય તેને જ જોઈ શકે છે. જ્યારે ૩૮૦ નેનોમીટરથી ઓછા તરંગલંબાઈનાં રંગો અને વસ્તુઓ તેમ જ ૭૫૦થી વધારે નેનોમીટરની તરંગલંબાઈના રંગો કે પદાર્થો આપણે જોઈ શકતા નથી."

"આપણે માત્ર સાત રંગોને જ જોઈ શકીએ છીએ કારણકે આપણા શરીરમાં માત્ર સાત ચક્રો છે. વાયોલેટ કે જાંબલી રંગની તરંગલંબાઈ ૪૦૦ નેનોમીટર છે જેથી બહુ દૂરથી એ રંગ જોઈ શકાતો નથી. લાલ રંગની તરંગ લંબાઈ ૭૦૦ નેનોમીટર છે એટલે એ રંગ દૂરથી પણ જોઈ શકાય છે. હવે બ્રહ્માંડમાં દૂર દૂર સુધી વ્યાપેલા આ સૂક્ષ્મ જગતના તરંગોની લંબાઈ એક પછી એક લોકમાં વધુ ને વધુ નાની થતી જાય છે. એટલે આપણે કંઈ પણ જોઈ શકતા નથી. સાત રંગોથી પણ વધારે બીજા અદ્ભુત રંગો આ સૂક્ષ્મ લોકમાં હોય છે."

"ગ્રહોના કૉસ્મિક કિરણોની તરંગલંબાઈ ૪૦૦ નેનોમીટરથી પણ ઓછી છે. જ્યારે આ

સૂક્ષ્મ જગત તો એનાથી પણ સૂક્ષ્મ છે. આત્મા જેમ જેમ કર્મો અને ઇચ્છાઓના ભારથી સૂક્ષ્મ અને હલકો બનતો જાય તેમ તેમ તેનો ઉપરના લોકમાં જવાનો અધિકાર વધે. કર્મો અને વાસનાના તીવ્ર બંધનવાળા સૂક્ષ્મ જીવો ત્રણ લોકથી આગળ જઈ શકતા નથી. આ પ્રથમ ત્રણ લોકને પિતૃલોક પણ કહેવામાં આવે છે અને ત્યાં મોટાભાગે અત્યંત વાસનાવાળા અને પાપકર્મોના બંધનવાળા જીવો વસે છે. આ કર્મબંધનવાળા જીવોની તરંગ લંબાઇ પવિત્ર સૂક્ષ્મ શરીર કરતાં થોડીક વધારે હોય છે તેથી ક્યારેક ક્યારેક તે ભૂત-પ્રેત તરીકે જોઈ શકાતા હોય છે. ત્રણ લોક સુધી પુનર્જન્મ ફરજિયાત હોય છે અને યોગ્ય વાતાવરણ મળે એટલે નવો જન્મ લેવાનો આદેશ મળે છે.''

''ભૂ:લોક એકદમ પૃથ્વીને વીંટળાયેલો છે અને મોટા ભાગના પ્રેત અવસ્થાના જીવો અહીં રહે છે. તેમનો સૂક્ષ્મ દેહ થોડો ભારે હોય છે અને વેવલેન્થ વધારે હોય છે એટલે પૃથ્વી તત્ત્વમાંથી શક્તિ પ્રાપ્ત કરીને થોડી ક્ષણો માટે સ્થૂળ શરીર પણ ધારણ કરી શકે છે અને ક્યારેક ભૂત તરીકે પ્રગટ થઈ શકે છે. આ લોકમાં રહેલા જીવો પોતાનાં પાપકર્મોની કડક સજા પણ ભોગવે છે અને પશુઓ જેવું જીવન આ લોકમાં ભોગવે છે. ખૂબ જ માનસિક વેદના પણ ભોગવે છે અને બીજા હલકા આત્માઓ પણ તેમને પજવતા હોય છે. નર્કલોકનો તમામ અનુભવ આ પ્રથમ લોકમાં થાય છે. પાપકર્મોની તમામ સજા આ લોકમાં જ મળે છે.

''ભૂવ:લોક અંતરીક્ષ પણ કહેવાય છે અને ત્યાં એવા જીવો રહે છે કે જે ભૂત-પ્રેત કક્ષામાં નથી આવતા પણ એમને પૈસાનો, પરિવારનો, વાસના ભોગવવાનો અને સત્તાનો મોહ હોય છે અને જે ધર્મથી વિમુખ છે અને ઉપરના લોકમાં જવા નથી માંગતા. આ જીવો પોતાના બાકીનાં કર્મો ભોગવવા માટે ફરી જન્મ લેવા માટે એકદમ તૈયાર હોય છે. આ લોકમાં પણ કર્મોની સજા મળતી જ હોય છે પણ સાથે સાથે જપ-તપ-ધ્યાન અને પ્રાર્થના કરવાની તક પણ મળે છે.''

''એનાથી ઉપર ત્રીજો સ્વ:લોક છે. જેને તમે સ્વર્ગ લોક પણ કહી શકો. હકીકતમાં જે પણ જીવો સ્થૂળ દેહમાં રહીને સારાં પુણ્યકર્મો કરે છે, લોકોની સેવા કરે છે, ભૂખ્યાને જમાડે છે અને થોડી ઘણી પણ ભક્તિ કરે છે એ બધાને આ ત્રીજા લોકમાં લઈ આવવામાં આવે છે જ્યાં સૂક્ષ્મ શરીર તમામ પ્રકારનાં સુખો અને ભોગો ભોગવે છે અને પુણ્ય સમાપ્ત થતાં ફરી પાછો જન્મ લેવો પડે છે. આ લોકમાં કેવા પ્રકારના ભોગો ભોગવવા મળે છે એની ચર્ચા કરવાની મને મનાઈ છે.''

''વાહ સ્વામીજી... આજે તમે ઘણી અદ્‌ભુત વાતો જણાવી. હું જ્યોતિષમાં ઘણો બધો રસ ધરાવું છું એટલે પૂછું છું. આ બધા લોકને ગ્રહો સાથે કોઈ સંબંધ ખરો ?'' મેં જિજ્ઞાસાથી પૂછ્યું.

"જુઓ આ લોક મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. સૌથી ઉચ્ચ કક્ષાનો ધ્રુવલોક છે જે કેતુ સાથે સંકળાયેલો છે અને એને તમે નિર્વાણલોક પણ કહી શકો. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ જે વાત કરી છે કે न तद् भासयते सूर्या न शशांको न पावक : यद् गत्वा न निवर्तन्ते तद् धाम परमं मम.

મતલબ "જ્યાં સૂર્ય કે ચંદ્ર પણ હોતા નથી અને જ્યાં પહોંચ્યા પછી આત્મા કદી પણ જન્મ પામતો નથી એ અંતિમ મોક્ષ અવસ્થાનો એ લોક છે. જેને બ્રહ્મલોક પણ કહી શકાય."

"એ પછી સૂર્યના ત્રણ લોક મુખ્ય છે જેમાં ગુરુ-શુક્ર અને શનિ જેવા ગ્રહોના લોક છે. સૂર્ય પોતે સાતમા સત્ય લોકોનો અધિપતિ છે. શનિ છઠ્ઠા લોકનો અધિપતિ છે જે તપસ્યાનો લોક છે. ગુરુ પાંચમા લોકનો અધિપતિ છે જે જ્ઞાન પ્રાપ્ત કરવાનો લોક છે તો શુક્ર અને બુધ ચોથા લોકને સંયુક્ત રીતે સંભાળે છે. જેને ગંધર્વલોક પણ કહેવામાં આવે છે અને વિદ્યાધર લોક પણ કહેવામાં આવે છે.'

"આ ચોથા લોકમાં જ તમામ કળાઓનું જ્ઞાન આપવામાં આવે છે. કાવ્ય, સંગીત, કંઠ, અભિનય જેવી કળાઓ યોગ્ય આત્માઓને આ લોકમાંથી જ શીખવવામાં આવે છે જે શુક્ર સંભાળે છે. અપ્સરાઓની જે વાત શાસ્ત્રોમાં લખેલી છે તે આ ચોથા શુક્રલોકમાં છે. તમામ વિદ્યાઓ ગણિત, સાહિત્ય, લેખન, વાક્સિદ્ધિ વગેરે બુધના આધિપત્યમાં આવે છે."

"ચોથો લોક બે ભાગમાં વહેચાયેલો છે જેમાં એક ભાગ બુધના આધિપત્યમાં અને બીજો ભાગ શુક્રના ! કળાઓને વરેલા શુક્રના ક્ષેત્રમાં જાય છે તો ગણિત સાહિત્યને વરેલા બુધના ક્ષેત્રમાં ! પરંતુ ચોથા લોક સુધી એવા આત્મા જ પહોંચી શકે છે જે પાપકર્મોના બંધનમાં ના આવી ગયા હોય ! નહિ તો ત્રીજા લોકમાં પાપકર્મોની સજા ભોગવી પ્રાયશ્ચિત્ત કરીને પછી જ ચોથા લોક સુધી ગતિ કરી શકે છે."

"આ ચોથા લોકમાં થોડી આઝાદી હોય છે જેમાં તમે ઇચ્છો ત્યાં સુધી રહી શકો છો અને ઇચ્છો ત્યારે જન્મ પણ લઈ શકો છો. જેમને માત્ર ઈશ્વરમાં જ રસ છે અને મુક્તિના માર્ગે આગળ વધવું છે અને લોકોનું કલ્યાણ કરવું છે એવા આત્માઓ પાંચમા લોકમાં એટલે કે ગુરુના લોકમાં પ્રવેશ મળે એના માટે પ્રાર્થના અને તપ અહીં કરતા હોય છે."

"સ્વામીજી ખરેખર આપની વાતો અદ્‌ભુત છે અને આટલું સરસ જ્ઞાન અમને આપવા બદલ અમે આપના આભારી છીએ. " પુષ્કરભાઈ બોલ્યા. (ક્રમશઃ)

**હરિઃૐ**

**પ્રભુના કર્મમાં કેવા**
**આવ્યા શા ઉપયોગમાં !**
**આપશે બદલો એનો**
**મારો વ્હાલો ધણી તદા ॥**

તા.૭-૫-૧૯૭૧ - શ્રીમોટા
જીવન અનુભવગીત દ્વિ.આ.પૃ.૨

## (૬) શ્રી ગોદડિયા મહારાજ

**સંપાદક : રતિલાલ મહેતા**

શ્રીમોટા જયારે નડિયાદમાં રહેતા હતા, ત્યારે રોજ રાતવાસો સ્મશાને કરતા. તે દરમ્યાન શ્રી ગોદડિયા મહારાજનો મેળાપ તેમને થયેલો. શ્રી ગોદડિયા મહારાજ લોકોથી દૂર રહેવાને ગોળના પાણીમાં બોળેલું કંતાન પોતાના શરીરે ઓઢી રાખતા. તેના પર માખો બમણ્યા કરે, એટલે લોકો તેમનાથી દૂર રહેતા. પણ સૌરાષ્ટ્રના રાજવીઓના તે ઘણા માનીતા હતા. શ્રીમોટા આ મહારાજની સેવાચાકરી કરતા. આથી મહારાજશ્રીએ શ્રીમોટાના જીવનમાં ઘણો ભાગ ભજવ્યો છે.

શ્રીમોટાને પરણાવવા તેમના માતુશ્રીએ ભારે જીદ પકડેલી. શ્રીમોટા માને નહિ એટલે સૂરજબા શ્રી ગોદડિયા મહારાજને મળ્યાં ને શ્રીમોટાને સમજાવવા ઘણી કાકલૂદી કરી. મહારાજે તે ઠીક કરવા જણાવેલું. માતુશ્રીએ શ્રીમોટાને એકવાર મર્મભેદી બાણ માર્યુંઃ 'ચુનિયા, તું તારી માનું માનતો નથી તો તારા ગુરુનું શું માનવાનો હતો ?' શ્રીમોટા વિચારે : 'મારો ભગવાન મરી નથી ગયો. એના આશ્રયે હવે જે તે બધું.' ને લગ્ન માટે તૈયાર થયા. લગ્ન લેવાયું. (૧૯૨૬) પણ બિમાર પત્ની સાસરે આવ્યા વિના પિયરે ગઈ તે પાછી આવી શકી નહિ; થોડા માસમાં સ્વધામ સીધાવી.

શ્રીમોટાએ કરાંચીમાં એકવાર રોજા કરેલા, ૪૦ દિનના ઉપવાસનો સંકલ્પ. ૩૮ દિવસો થયા ત્યારે શ્રી ગોદડિયા મહારાજે તેમને કહ્યું, 'શું કામ આટલા બધા ઉપવાસ? બસ થયું. ખાઈ લે, શ્રીમોટાએ પ્રથમ 'સારું' એમ કહ્યું. પણ તેમને થયું કે 'બે દિવસ માટે શું કામ રોજા તોડું ? બે વધુ દિન ખેંચી કાઢું.' શ્રીમોટા કહે છે, 'મેં સૂક્ષ્મ અહમ્‌ના જોરે ગોદડિયા મહારાજની આજ્ઞા પાળી નહિ. તે જ વખતે તેઓ તેમના વડીલની સાથે ગાડીમાં બેસીને કયાંક જઈ રહ્યા હતા. ત્યારે રસ્તા પરના એક ઓટલા પર બેસી રહેલા મેલાઘેલા ઓલિયા જેવા માણસે હાથનો ઈશારો કરીને શ્રીમોટાને તેમની કને બોલાવ્યા. વડીલનો વિરોધ છતાં શ્રીમોટા તેમની પાસે ગયા. પેલા ઓલિયાએ કહ્યું, ''હજુ તારો અહમ્ ગયો નથી? લે આ મીઠાઈ ખાઈ લે ને રોજા પૂરા કર.'' શ્રીમોટા ખાઈ જવાને તૈયાર થયા ત્યારે તેમના વડીલે તેનો વિરોધ કરતાં કહ્યું 'અલ્યા આટલા દિવસના ઉપવાસ પછી આ મીઠાઈ ન ખવાય, માંદો પડીશ.' પણ શ્રીમોટા તો ઓલિયાના ફરમાનને માથે ચડાવીને મીઠાઈ ખાઈ ગયા, ત્યાં ને ત્યાં જ શ્રીમોટાને કહે, 'શુભ સંકલ્પબળનું અભિમાન આપણામાં હોય તેને તોડવાનું હોય છે. ઈશ્વર કૃપા કરીને આપણી પાસે તે તોડાવે છે.'

શ્રીમોટાએ હરિજન સેવા છોડયા પછી લોકસેવાનો આરંભ કરેલો. આવી મળેલાંઓને પ્રભુમાર્ગે વાળવાનું કાર્ય શરૂ કર્યું. ત્યારે તેઓશ્રી એકવાર અમદાવાદમાં શ્રી ગોદડિયા મહારાજનાં દર્શને ગયેલા. તેમને જોઈને મહારાજશ્રી બોલી ઊઠયા, 'ચુનિયો હવે બહુ મોટો થઈ ગયો છે.' શ્રીમોટાએ તો તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને સેવા કરવા માંડી.

શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ, દ્વિ.આ.પૃ.૨૩-૨૫

તા.૧ મે, ૨૦૨૪, મુંબઈ

માણસ તેના મગજનો ભાગ્યે જ કોઈ ઉપયોગ કરે છે અને જો તે ધારે તો મગજની સામાન્ય રીતે અનુભવાતી ક્ષમતાઓને અનેકગણી રીતે અતિક્રમી જઈને અતુલ્ય રીતે કામ કરી બતાવી શકે છે તેવું પુરવાર કરતાં જૈન મુનિ અજિતચંદ્રસાગરજીએ આજે મુંબઈના વરલી ખાતે એક હજાર જેટલી જુદીજુદી માહિતીઓ, ગાણિતિક કોયડાઓ સ્પર્શ તથા શ્રવણ અનુભૂતિઓ ઝીલ્યા બાદ તેને યથાતથ રજૂ કરી બતાવી તથા કોયડાઓ અને પાદપૂર્તિ ઉકેલી આપીને આશરે એક હજાર જેટલી માહિતીઓ અને સામગ્રીઓનો પ્રત્યુત્તર આપી સહસ્રાવધાનની અજયાબ અને માન્યામાં ન આવે તેવી સિદ્ધિ હાંસલ કરી હતી. ભારતીય જૈન શાસનના ઇતિહાસમાં ૬૫૦ વર્ષ પછી આજે મુંબઈમાં પહેલીવાર આ શકવર્તી સહસ્રાવધાન સિદ્ધ થતાં જૈનાચાર્ય અજિતચંદ્રસાગરજીને સહસ્રાવધાનીનું બિરુદ અપાયું હતું. આ પ્રસંગે એકત્ર થયેલી આઠ હજારની જનમેદનીએ જિનશાસનના જયજયકાર સાથે તેમણે સાધનાબળ થકી આલેખેલી આ યશગાથાને બિરદાવી હતી. ૧૬મી સદીમાં ગણિ મુનિસુંદરજી મહારાજે જહાંગીરના દરબારમાં આવું સહસ્રાવધાન કર્યાનો ઉલ્લેખ છે તે પછી મુંબઈમાં આજે આ ઐતિહાસિક અવસર યોજાયો હતો.

મુંબઈના વરલી ખાતેના સરદાર પટેલ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા આ ઐતિહાસિક સહસ્રાવધાનના પ્રયોગના સાક્ષી બનવા માટે વિવિધ ક્ષેત્રો, સમાજોના પ્રબુદ્ધ નાગરિકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને તેમણે નજરોનજર આજના જમાનામાં ચમત્કાર જ લાગે તેવો આ પ્રયોગ નિહાળ્યો હતો. જોકે, ખુદ જૈનમુનિ શ્રી અજિતચંદ્રસાગરજીએ કહ્યું હતું કે, આ પ્રયોગમાં ચમત્કારનું કોઈ તત્ત્વ નથી પરંતુ માત્ર ને માત્ર સાધના થકી તેમણે આ ક્ષમતા હાંસલ કરી છે અને ભારતના લાખો બાળકોને જો નાનપણથી તાલીમ આપવામાં આવે તો તેઓ પણ તેમના માનસિક - બૌદ્ધિક શક્તિઓને હાલ નિદર્શિત થાય છે તેના કરતાં અનેકગણી વધારીને અભ્યાસબાદ જુદાં જુદાં ક્ષેત્રોમાં સફળતા મેળવી શકે છે. સમગ્ર કાર્યક્રમમાં મુનિશ્રી અજિતચંદ્ર સાગરજીના ગુરુ પૂજ્ય આચાર્ય નયચંદ્રસાગરસૂરિશ્વરજી મહારાજ ઉપરાંત ગચ્છાધિપતિ નરદેવસાગરસૂરિશ્વરજી સહિત અનેક આચાર્ય-ભગવંતો તથા સાધ્વીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સહસ્રાવધાનની સફર

આ પ્રયોગમાં હાજરી આપવા આવેલા સૌને એક બૂકલેટ આપવામાં આવી હતી. તેમાં એકથી એક હજારના ક્રમે જુદાં જુદાં અવધાન

એટલે કે, કોઈપણ પ્રકારના ઇનપૂટ, માહિતી, ગાણિતિક કોયડા કે પાદપૂર્તિ સહિતની બાબતોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત કેટલીક માહિતી ચિત્રાત્મક તથા દશ્યાત્મક સ્વરૂપે રજૂ થયા પછી પણ ભરવાની હતી. લગભગ સાડા છ કલાક સુધી આ માહિતીઓની સંપૂટ ઠલવાતો રહ્યો હતો. સમગ્ર ઈનડોર સ્ટેડિયમની મેદનીને વિવિધ સેકટરમાં વહેંચી દેવાઈ હતી. સ્ટેજ પરથી બૂકલેટમાં અપાયેલ ક્રમ મુજબ વિવિધ માહિતીને લગતી વાત પુછાય એટલે ઓડિયન્સમાંથી તેનો જવાબ અપાતો હતો. આ જવાબ સૌ પોતપોતાની બૂકલેટમાં નોંધતા જતા હતા. જેમકે, એક પ્રશ્ન હતો કે કોઈપણ સુવાક્ય કે કહેવત જણાવો તો લોકોએ સત્યમ્ શિવમ્ સુંદરમ્, ક્ષમા વીરસ્ય ભૂષ્મ્ એવા જવાબો આપ્યા હતા. આ તમામ જવાબો મુનિશ્રીએ યાદ રાખી લીધા હતા. તેની સાથે સાથે આ બૂકલેટમાં કેટલાક શ્લોકોનો માત્ર એક જ પંક્તિના ૨૧ અક્ષરો અને તે પણ આડાઅવળા ક્રમમાં રજૂ થયા હતા. મુનિશ્રીએ તે પણ યાદ રાખી તેને ક્રમબદ્ધ ગોઠવી બતાવ્યા હતા. તેની સાથેસાથે સ્ટેજ પર રાખેલા ડંકામાંથી સમયાંતરે ટકોરો પણ પાડવામાં આવતો હતો. સમગ્ર ઓડિયન્સ રજૂ થયેલી માહિતીના જવાબ આપવા, તેને નોંધવા કે ક્રમબદ્ધ કરવામાં વ્યસ્ત હોય ત્યારે સમયાંતરે પડતા ટકોરાને કોઈ કોઈ ચૂકી જાય પણ જૈન મુનિશ્રી એકપણ ટકોરો યાદ રાખવાનું ચૂકયા ન હતા.

### માહિતીલક્ષી પ્રશ્નો

-પાંચ કે સાત શબ્દોમાં કોઈ પ્રશ્ન પૂછવાનો હતો. જેમકે મહાવીર સ્વામીની માતાનું ચોથું સપનું કયું હતું, આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર કોણ હશે.

- આવી અન્ય માહિતીલક્ષી બાબત પૂછાઈ હતી તેમાં જૈન કે અજૈન ધર્મગ્રંથોનાં નામ રજૂ કરવાનાં હતાં. ઓડિયન્સમાંથી લોકોએ રામાયણ, રત્નાકર પચ્ચીસી, કલ્પસૂત્ર એવાં નામો રજૂ કર્યાં હતા.

- લોકોને પવિત્ર પર્વત કે નદી કે તીર્થ સ્થાનનાં પણ નામ પુછાયાં હતાં. તેમાં કૈલાસપર્વત, ગંગોત્રી, પાલીતાણાસહિતનાં નામ રજૂ થયાં હતાં.

- સુવાક્ય કે કહેવત જણાવવા કહેવાયું હતું. તેમાં જૈનમ જયતિ શાસનમ્, અહિંસા પરમો ધર્મઃ, નવી વહુના નવ દહાડા વગેરે માહિતી રજૂ થઈ હતી.

- માહિતલક્ષી પ્રશ્ન સંપૂટના અન્ય પ્રશ્નોમાં દેશના દાનવીર અને વિજ્ઞાનીઓનાં નામ, ગુજરાતી ભાષાના કેટલાક શબ્દો, કેટલાક વિદેશી ભાષાના શબ્દો કેટલાક દેશોનાં નામ, ભારતનાં રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોનાં નામ, આગમ ગ્રંથોના નામ, સંસ્કૃત શબ્દો, ગુજરાતી અને અંગ્રેજી મહિનાનાં નામ, ભગવાનનાં નામ તથા લાંછન (પ્રતીક) નો પણ સમાવેશ થતો હતો. જેમકે લોકોને ગુજરાતી તથા અંગ્રેજી કેલેન્ડરના મહિનાઓના નામ આપવા જણાવાયું હતું. લોકોએ

જુલાઈ પછી વૈશાખ, પછી ચૈત્ર પછી શ્રાવણ, પછી જાન્યુઆરી એમ આડાઅવળા ક્રમમાં બાર નામ આપ્યાં હતાં. થોડાંક ગુજરાતી અને થોડાંક અંગ્રેજી મહિનાઓના અને તે પણ આડાઅવળા ક્રમમાં ઓડિયન્સના જુદા જુદા ભાગોમાંથી બોલાયેલાં નામ કલાકો પછી જવાબ આપતી વખતે મુનિશ્રીએ કોઈ ભૂલચૂક વિના બોલી બતાવ્યાં હતાં.

## પાદપૂર્તિ

- સ્રગધરા છંદના શ્લોકની ૨૧ અક્ષરની પંક્તિ રજૂ થઈ હતી. પરંતુ, તેમાં તમામ ૨૧ અક્ષર આડાઅવળા ક્રમમાં જણાવાયા હતા. જેમકે લોકોને કહેવાયું હતું કે ૧૭મો અક્ષર છે સમ, ૨૧મો અક્ષર છે સ્યા, સાતમો અક્ષર છે વો, પહેલો અક્ષર છે શ્રી... આ રીતે એકથી વધુ વાર આવા શ્લોકોના ૨૧-૨૧ અક્ષર આડાઅવળા ક્રમમાં રજૂ થયા હતા. પરંતુ, છેલ્લે જૈન મુનિશ્રીએ જવાબ આપતી વખતે કલાકો પહેલાં આડાઅવળા ક્રમમાં રજૂ થયેલા અક્ષરોનો ક્રમ યાદ રાખીને સમગ્ર પંક્તિ બોલી બતાવી હતી અને જુદા જુદા સમયે રજૂ થયેલી અલગ અલગ પંક્તિઓને સાથે મેળવી સંપૂર્ણ શ્લોક પણ બોલી બતાવ્યો હતો.

-પાદપૂર્તિમાં અન્ય એક પ્રયોગ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૫ મા અધ્યાયનો હતો. તેમાં ઓડિયન્સમાંથી લોકોએ આ અધ્યાયના કોઈપણ શ્લોકનો માત્ર પહેલો શબ્દ જેમ કે ઊર્ધ્વમૂલ, શ્રોતમ્ ચક્ષુ, મમૈવાંશો જીવલોકે બોલી બતાવ્યા હતા. તેના કલાકો પછી જૈન મુનિશ્રીએ અગાઉ બોલાયેલા એકમાત્ર શબ્દના આધાર આખેઆખા શ્લોકો બોલી બતાવ્યા હતા.

-આવો જ એક પ્રશ્ન સંપૂટ જૈન આગમ વિશેનો હતો. જેમાં કેટલાક પાઠના માત્ર રેફરન્સ અપાયા હતા અને તેના આધારે કલાકો પછી તેમણે એ પાઠના અંશોનું પઠન કરી બતાવ્યું હતું.

## ગાણિતિક કોયડાઓ

-એકવાર ચાર બાય ચાર એટલે કે ૧૬ ખાનાનું બોક્સ તો એકવાર આઠ બાય આઠ એટલે કે ચોંસઠ ખાનાનું બોક્સ અને છેવટે પચ્ચીસ બાય પચ્ચીસ એટલે કે ૬૨૫ ખાનાનું બોક્સ અપાયું હતું. સર્વતોભદ્ર યંત્ર નામાભિધાન ધરાવતા આ કોયડામાં જેમકે ચાર બાય ચારનાં બોકસમાં લોકોને એક શબ્દ ધારવા કહેવાયું હતું. લોકોએ ૨૪નો આંક આપ્યો હતો. બાદમાં મુનિશ્રીએ આ બોકસના સોળે સોળ ખાનામાં એવી રીતે અંકો રજૂ કરી આપ્યા હતા કે તેનો સીધો, આડો કે ત્રાંસો સરવાળો પણ ૨૪ જ આવે. છેલ્લે છેલ્લે સૌથી વધુ ઉત્તેજના તો પચ્ચીસ બાય પચ્ચીસના ગાણિતિક કોયડામાં સર્જાઈ હતી. તેમાં એકસાથે સવા બસ્સો  અવધાનનો સમાવેશ થતો હતો. પ્રેક્ષકોએ ૧૮૦૦નો એક આંકડો આપ્યો હતો. છેલ્લે મહારાજ સાહેબે આ તમામ ૬૨૫ બોકસમાં એવી રીતે આંકડા લખાવ્યા હતા કે જેથી તમામ પચ્ચીસ સીધી કે આડી હરોળનો પણ સરવાળો ૧૮૦૦ જ થાય.

(ક્રમશઃ)

સાભાર : ગુજરાત સમાચાર તા.૨-૫-૨૦૨૪

અન્ન એજ બ્રહ્મ

મૂળ મંત્રઃ

अहमस्मि प्रथमजा ऋतस्य पूर्व दैवेभ्यो अमृतस्य नाम।
यो मा ददाति स इदेव मावदहमन्नमन्नममदन्तमसि ॥

(સામવેદ-૯૫૪)

પદાર્થ :

(अहम्) હું બ્રહ્મતત્ત્વ (પરબ્રહ્મ પરમાત્મા) (ऋतस्य) સત્ય નિયમોને (प्रथमजा) પૂર્વથી, પ્રથમ જન્માવનાર (अस्मि ) છું. હું (दैवेभ्यो) સર્વ પ્રકાશિત સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો જેવા આકાશી પદાર્થો કરતાં (पूर्वम) પૂર્વથી પહેલેથી જ વિદ્યમાન છું. (अमृतस्य) દુઃખરિહત આનંદ (અમૃતમય) સ્વરૂપ અને એ (नाम) મારી ઓળખ છે. (અર્થાત્ હું આનંદ સ્વરૂપ છું.) (यः) જે કોઈ (मा) મને (અન્નદાન સ્વરૂપે) (ददाति) મને પ્રાપ્ત કરે છે. (મેળવે છે) (આમ છે તેથી હે મનુષ્યો! તમે જાણો કે (अहम् अन्नं) હું બ્રહ્મતત્ત્વનું મૂળ અન્ન છું તથા (अन्न अदन्तम)) (હું જ સૃષ્ટિના અન્ત સમયે અથવા છેવટે તો હું (બ્રહ્મતત્ત્વ જ) સર્વનો ખાનાર ઉપભોક્તા છું. (મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની વેદભાષ્ય પ્રણાલીને આધારે).

**વિચાર-વિસ્તારઃ**

આ સૃષ્ટિના સર્વ જીવોના જીવનનો આધાર અન્ન છે. તે અન્નને જ બ્રહ્મસ્વરૂપ દર્શાવતા આ મંત્રમાં અન્નથી બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિનું રહસ્ય બતાવ્યું છે.

આપણા જ્ઞાનના સમુદ્ર એવા વેદો, ઉપનિષદો, પુરાણાદિ ગ્રંથોમાં અન્નને પ્રાણાધાર માની અન્નદાનને શ્રેષ્ઠદાન (अन्न दानं महादानं) કહી બિરદાવેલ છે. વ્યવહારમાં ગૃહસ્થાશ્રમમાં બલિવૈશ્વદેવ યજ્ઞ દ્વારા દરેક પશુ-પક્ષીની પણ અન્નથી તૃપ્ત કરવાનો આદેશ પંચમહાયજ્ઞો દ્વારા અપાયેલ છે.

આ ઉપરાંત તૈત્તિરીય ઉપનિષદ બ્રહ્માનંદ વલ્લીમાં પાંચ મહાકોશથી બનેલા આ દેહમાં અન્નને પ્રમુખ ગણાવી અન્નથી પ્રાણ, પ્રાણથી મન, મનથી વિજ્ઞાન તથા વિજ્ઞાનથી આનંદમય કોષની પ્રાપ્તિ ગણાવી છે. અર્થાત્ બ્રહ્માનંદનું મૂળ સ્થાન અન્ન ગણાવી અન્નની મહત્તા દર્શાવી અન્ન એ જ બ્રહ્મ આમ ઉપદેશ આપ્યો છે. અન્નને જીવનાધાર ગણી ભૂખના દુઃખની શ્રેષ્ઠ ઔષધી ગણાવી ભ.ગીતા ૯/૧૬માં કહ્યું છેઃ स्वधाहमहमौषधम् અર્થાત્ હું (પરમબ્રહ્મ પરમાત્મા) જ અન્નરૂપી ઔષધીજન્ય ધાન્ય છું.

મન્ત્રની શરૂઆતમાં પરબ્રહ્મ-પરમાત્મા પોતાની ઓળખ આપતાં કહે છે, હું સકળ સંસારના બધા જ પદાર્થોની પૂર્વે વિદ્યમાન હતો. મારું સ્વરૂપ અ-મૃત દુઃખરહિત અવસ્થા છે, અન્ન ખાવાથી જીવને સંતોષ તથા આનંદ મળે છે. આ આનંદને ઋષિએ બ્રહ્માનંદ ગણ્યો છે.

લોકબોલીમાં કહે છે, ‘‘ભૂખ્યા ભજન ન હોય ગોપાળા’’ જયારે આવો જ ભાવ દર્શાવવા મરાઠી ભાષામાં કહે છે आदि पोटोबा मम विठोबा અર્થાત્ પહેલાં ભોજન પછી ઈશ-ભજન. બંને વચનો બહુ સૂચક છે.

આ સહજ પ્રકૃતિ છે. ભૂખથી જેના પ્રાણ ગળે આવ્યા હોય, મનઃસ્થિતિ આકુળવ્યાકુળ

હોય, જ્ઞાન તથા વિવેક ગુમાવી દીધાં હોય તેવા જીવને તત્ત્વ ચર્ચા કે બ્રહ્મદર્શનનો કોઈ જ સ્વાદ ન હોય. આવી સ્થિતિમાં અન્ન (ભોજન) પ્રાપ્તિ જ મહાઔષધી ગણાય છે. અન્ન (ભોજન) થતાં જ પરિતૃપ્તિ થાય પરિણામે તે જીવ સહજ રીતે જ આનંદમય સ્થિતિને પ્રાપ્ત કરે છે.

વળી આ અવસ્થા વનસ્પતિઓમાં પણ સહજ છે. જળ ન મળવાથી તે સુકાઈ જાય છે. પરંતુ જળ મળતાં જ ફરીથી લહેરાઈ જાય છે.

આમ હોવાથી જ શાસ્ત્રોમાં અન્નને પ્રાધાન્ય આપેલ છે. તૈત્તિરીય ઉપનિષદ, બ્રહ્મવલ્લીના બીજા અનુવાદમાં કહ્યું છે - अन्नाद वै प्रजायन्ते અન્નથી પ્રજા ઉત્પન્ન થાય છે, अन्न हि भूतानां ज्येष्ठतम् અન્નથી જ જીવોમાં (પદાર્થો) માં મુખ્ય છે. अन्न नैवजीवन्ति અન્નથી પ્રાણી (જીવો) જીવે છે. तस्मातसर्वोषधिमुच्यते અન્નને જ ઉત્તમ ઔષધી કહે છે તથા अन्नेन वृद्धन्ते અન્નથી જીવ વૃદ્ધિને પામે છે.

અન્નના મહત્ત્વને ઓળખાવવા તૈત્તિરીય ઉપનિષદમાં ભૃગુવલ્લીમાં કહ્યું છે - अन्नं ब्रह्मेति व्याजानात् આ રીતે (આપણે) અન્નને જ બ્રહ્મસ્વરૂપ જાણવું.

આટલું કહ્યા પછી વરુણ ઋષિ તેના પુત્ર ભૃગુને અન્નથી મોક્ષાનંદ સુધીનો ક્રમ વર્ણવતાં અંતે કહે છે आनन्दो ब्रह्मेति व्याजानात् અર્થાત્ આનંદ એ જ બ્રહ્મ તત્ત્વનું વ્યક્ત સ્વરૂપ છે એમ જાણો.

અન્નની આટલી ભારે અગત્યતા છે તેથી જ તૈ. ઉપ. સાતમા અનુવાક્માં કહે છે अन्नं बहु कुर्वीत ખૂબ અન્ન ઉગાડો, ભોજનમાં અન્નની નિંદા ન કરો : अन्नं न निंधात् તથા अन्नं न परिचक्षीत अन्ने છાંડો નહિ, तद् व्रतम् આવું વ્રત, આવો નિયમ રાખો.

મહાભારત અનુશાસન પર્વમાં યુધિષ્ઠિરના અન્ન વિશે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મજી નારદનો ઉપદેશ વર્ણવતાં કહે છે. अन्नं वै प्रथमं द्रव्यं अन्नं श्रीश्च परा मता । अन्नात् प्राणः प्रभवति तेजो वीर्य बल तथा ॥ અર્થાત્ અન્ન એ પ્રથમ (મુખ્ય) દ્રવ્ય છે, શોભાનું મૂળ છે, તેનાથી પ્રાણ, તેજ, વીર્ય તથા બળની પુષ્ટિ થાય છે.

વળી કહ્યું છે - अन्नाद् गृहस्यालोकेडस्मिन भिक्षवस्तापसास्तथा (महा.अनु.पर्व) અર્થાત્ આ સંસારમાં ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસી પણ અન્નના આધારે જ જીવે છે, વળી કહે છે ब्रह्मचात्र पलीयते અન્નાહાર વગર તો વેદવિદ્યા (બ્રહ્મજ્ઞાન) પણ ભૂલી જવાય છે. તેથી કહ્યું છે - अन्नेन धार्यते सर्वं विश्वं जमदिदं, આ સંપૂર્ણ જગત અન્નના આધારે જ ટકી રહ્યું છે.

આપણા સંતોએ તેથી જ અન્નદાન માટે અન્ન ક્ષેત્રનો ઉપદેશ આપ્યો છે. અન્નદાન જેવું શ્રેષ્ઠ બીજું કોઈ દાન નથી. વિશ્વના દરેક મત, પંથ, સંપ્રદાયોએ એક યા બીજી રીતે અન્નદાન માટે ધર્મ આજ્ઞા કરેલી છે. વળી કહે છે नायमात्मा बलहिनेने लभ्यः જેનામાં શારીરિક બળ નથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેથી જ કર્મ પ્રેરણાનો ગ્રંથ યજુર્વેદના પ્રથમ અધ્યાયના પ્રથમ મંત્રમાં इषे त्वा उर्जे त्वा સંસારનાં કાર્યો કરવા ઊર્જા (બળ) માટે અન્નની પ્રાર્થના કરી અન્નનું મહત્ત્વ દર્શાવ્યું છે.

આપણે આ રહસ્યને જાણીએ.

હરિ:ૐ વ્હાલા સ્વજનો,

પૂજ્ય શ્રીમોટાનો 86મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ સુરત મુકામે તા. 28-04-2024ના રોજ ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો તેનો ટૂંકો અહેવાલ અત્રે રજુ કરીએ છીએ.

ઉત્સવનું સ્થળ શ્રી ઓલપાડ કડવા પાટીદાર સમાજની વાડી "અમીકુંજ જે હરિ:ૐ આશ્રમ સુરતથી તદ્દન નજીકમાં જ આવેલું હતું જેથી આ વર્ષે ઉત્સવમાં બહારગામથી આવનાર તમામ સ્વજનો ઉત્સવની સાથોસાથ આશ્રમની મુલાકાતનો પણ વિશેષ લાભ મેળવી શક્યાં હતાં. સુરત, અમદાવાદ, વિદ્યાનગર, દિલ્હી, મુંબઈ,નવસારી જેવા અનેક શહેરો તેમજ દોણ, લવાછા, ઓલપાડ, ચીખલી વગેરે તાલુકાના અનેક અંતરિયાળ ગામડેથી આવનાર સ્વજનો શનિવાર સાંજના જ ઉત્સવ સ્થળે આવી પહોંચ્યા હતા. સ્વજનોના ઉતારા માટે યજમાન શ્રી હેમંતભાઈ અરવિંદલાલ મોદીએ ઉત્સવ સ્થળ તથા આશ્રમથી તદ્દન નજીકમાં આવેલ ઈસ્કોન મંદિરમાં રૂમો બુક કરાવી મહેમાનો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા કરી હતી.

તા. 27-04-2024 શનિવાર સાંજે ઉત્સવની શરૂઆતમાં લવાછા ગામના યુવકો દ્વારા હરિ: ધૂન તેમજ ભજનોની રમઝટ ચાલી હતી.ત્યારબાદ શ્રી ગુરુગીતા નામ સંકીર્તન થયું હતું કાર્યક્રમની અંતમાં ડો.મનસુખભાઈ પટેલ દ્વારા શ્રીમોટા વિષે સત્સંગ શરૂ થયો જેમાં તેમણે પૂજ્ય શ્રીમોટાના બાળકેળવણી અંગેના માર્ગદર્શન આપતાં પત્રો વગેરેનું વાંચન તેમજ શ્રીમોટા રચિત હરિ વહાલો ભજનનું નિરૂપણ કર્યું હતું.

બીજે દિવસે તા. 28-04-2024ના રોજ પરોઢિયે ઘણાં સ્વજનો વહેલા વહેલાં દૈનિક ક્રિયાઓથી પરવારીને વહેલી સવારના શાંતિમય વાતાવરણમાં આશ્રમ દર્શનનો લ્હાવો લઈને 6:45 થી 7:30 વચ્ચે ઉત્સવ સ્થળે અલ્પાહાર માટે હાજર થઈ ગયા હતાં.સભા મંડપમાં ઉત્સવ માણવા માટે સૌ સ્વજનો પોતપોતાના આસન પર ગોઠવાઈ ગયા હતા. કાર્યક્રમની શરૂઆત સંગીતકાર શ્રી ભાવિક પટેલ, ભક્તિબેન પટેલ અને તેમના સાથીવૃંદ દ્વારા હરિ: ધૂનથી કરવામાં આવી. ત્યારબાદ શ્રીમોટા ચરણે, આરતી અને નિત્ય પ્રાર્થનાઓનું સમૂહ ગાન થયું. ત્યારબાદ શ્રીમોટાનાં તેમજ અનેકવિધ સંત ભક્તોના ભજનોની રમઝટ ચાલી જેમાં પૂજ્ય શ્રીમોટા રચિત **"ધીરજના ફળ મીઠાં રે"** જેવાં ઘણાં નવાં ભજનો તદ્દન અનોખી રીતે પીરસવામાં આવ્યા. ભજનોની પૂર્ણાહુતી સમયે ઘણાં સ્વજન ભાઈઓ તથા બહેનો સંગીતના તાલે ભાવવિભોર બની ઝૂમી ઉઠેલા.

આ વર્ષે સ્વજનોને આશ્રમનો અહેવાલ પ્રિન્ટ સ્વરૂપે આપવાને બદલે ડીઝીટલ સ્વરૂપે આપવાં

માટે આશ્રમ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. આશ્રમના મોબાઈલ નંબર +91 97277 33400 ઉપર વોટસઅપમાં **હરિઃૐ** ગુજરાતી અથવા અંગ્રેજીમાં લખવાથી સ્વજનના મોબાઈલ પર આપમેળે વાર્ષિક અહેવાલની pdf આપી હતી. વોટ્સઅપની આ ટેક્નોલોજીનો ઉપયોગ સ્વજન શ્રીમોટાનું સાહિત્ય વાંચવા તેમજ સાંભળવા માટે પણ કરી શકે છે. જેમકે આપ જે પણ પુસ્તકની pdf મેળવવા માંગો છો તેનું ગુજરાતી અથવા અંગ્રેજીમાં નામ લખવાથી તે પુસ્તક આપના વોટસઅપમાં આપમેળે આવી જશે. આ સેવા મેળવવા માટે 9727733400 મોબાઈલ નંબરને તમારાં મોબાઈલમાં હરિ આશ્રમના નામથી સંગ્રહિત કર્યા બાદ વોટસઅપ પર જે તે પુસ્તકનું નામ લખશો જેમ કે કૃપા અથવા KRUPA. આમ, હવે સ્વજનો આશ્રમની વેબસાઈટ www.hariommota.org ઉપરાંત વોટ્સઅપના માધ્યમથી પણ પુસ્તક ડાઉનલોડ, મૌન બુકીંગ વગેરે વિવિધ સેવાઓ મેળવી શકશે.

પૂજ્ય શ્રીમોટા વિરચિત વિવિધ દૈનિક પ્રાર્થનાઓ જેમકે જમતી વખતની પ્રાર્થના, સુતા સમયની પ્રાર્થના, ગર્ભવતીએ કરવાની પ્રાર્થના, જન્મદિવસની પ્રાર્થના વગેરેની સંગીતમય પ્રસ્તુતિ શ્રી ભાવિક પટેલ દ્વારા તૈયાર કરવામાં આવી છે જેને ઉત્સવમાં સ્વજનો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ તમામ પ્રાર્થનાઓનો કાયમી લાભ સ્વજનો Youtube મારફતે લઈ શકશે.

ભજનનો કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો હતો. આ વર્ષે એવોર્ડ માટે જેમને આમંત્રિત કરવામાં આવ્યાં હતા તે નવયુવાન શ્રી હિરેન પંચાલનો ટૂંકો પરિચય આપ્યા બાદ તેમને હરિઃૐ આશ્રમ સુરત તેમજ નડિયાદના ટ્રસ્ટીમંડળ દ્વારા રૂ1,50,000/-નો ચેક અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું. શ્રી હિરેન પંચાલ આદિવાસી વિસ્તારના નાના

ખેડૂતો માટે ખેતીના ઓજારો બનાવવાનું તથા તે અંગેના સંશોધનનું સુંદર કાર્ય કરે છે જે અંગે વિશેષ ઊંડાણથી સ્વજનોને સમજાવવા માટે શ્રી હિરેન પંચાલને જ વિનંતી કરતાં તેમણે પોતાનાં કાર્ય અંગેનો ટૂંકો પરિચય આપ્યો હતો.

એવોર્ડ વિતરણ બાદ સ્વજનો જેમના મુખે શ્રીમોટાના પ્રસંગો સાંભળવા માટે આતુર હતાં તેવા શ્રી કમલભાઈ મહેતાનો ટૂંકો પરિચય તેમનાં જ પિતાશ્રીએ લખેલ એક લેખ દ્વારા આપવામાં આવ્યો હતો. શ્રી કમલભાઈએ સ્ટેજ પર શ્રીમોટાને પ્રણામ કરીને પ્રવચન શરૂ કર્યું હતું. કમલભાઈ મહેતાએ ખૂબ જ ભાવપૂર્વક એક પછી એક પૂજ્ય શ્રીમોટાના રસપ્રદ પ્રસંગો સ્વજનો સમક્ષ અનોખી શૈલીમાં વ્યક્ત કર્યા હતાં જેમાંના કેટલાક પ્રસંગો તો હજુ સુધી ક્યાંય ગ્રંથસ્થ પણ થયા નથી તેમણે રજૂ કરેલ વિવિધ પ્રસંગો જેવા કે

1) બાળઉછેર માટે સારાં તેમજ મુશ્કેલ સમયે પણ ટકી રહેવાં માટે બાળક ટેવાયેલું હોય તેવા વિવિધ પ્રસંગો દ્વારા સ્વજનોને પ્રત્યક્ષ શિખામણ આપવાની રીત તેમજ નાના મોટા પ્રસંગો ઊભા

કરી બાળકોમાં તેમજ સ્વજનોમાં રહેલી સૂગની વૃત્તિ દૂર કરવાં અંગેની શ્રી મોટાની કાર્યપધ્ધતિનો પ્રસંગ

2) કમલભાઈના દાદાજી અને શ્રી નંદુભાઈના મામા શ્રી ગોપાલદાસના મૃત્યુ સમયે શરીરમાં નાડીના ધબકારા ન હોવા છતાં જે નામસ્મરણ લેવાતું હતું તે પ્રસંગ.

3) શ્રીમોટા અનેક યોનિઓમાં પોતાના નિમિત્તિક જીવો સાથે સંકળાયેલ હોય છે

4) શ્રી ડાહીબાનો . શ્રી સત્યસાંઈ બાબા સાથેનો પ્રસંગ

5) શ્રી હેમંતદાદાનો મહર્ષિ અરવિંદ સમક્ષ ત્રાટકનો પ્રસંગ

6) અમદાવાદના બે સગા ભાઈઓના મનદુઃખનું લગ્ન પ્રસંગમાં સમાધાન પ્રસંગ

7) કિશોર વયમાં કમલભાઈને શ્રીમોટાની સ્થૂળ સેવા કરવાનો એકવાર કેવી રીતે અનેરો અવસર મળ્યો હતો. વગેરે અનેક પ્રસંગોનું એવું તો આબેહૂબ વર્ણન કર્યુ કે સ્વજનોમાં શ્રીમોટાનો વિડીયો જોતાં હોઈએ તેવો ભાવ પ્રગટાવી દીધો હતો ઘણાં સ્વજનો તો આ પ્રસંગો સાંભળતા સાંભળતા ભાવવિભોર બનીને આંસુઓ પણ સારતાં હતાં.

ઉત્સવ સ્થળે કોઈ કારણસર રૂબરૂ આવી નહિ શકેલા 2000 થી વધુ સ્વજનોએ શ્રી કમલભાઈ દ્વારા આપવામાં આવેલ વ્યક્તત્વનો તેમજ સમગ્ર ઉત્સવનો લાભ દ્વારા YOUTUBE LIVE ના માધ્યમ દ્વારા માણ્યો હતો. આશ્રમની Youtube ચેનલ મારફતે સૌ સ્વજનો આ વિડીયો હંમેશા જોઈ શકશે. આશ્રમ દ્વારા રજુ કરવામાં આવતાં

**અનુ.સંધાન પાના -૧૨ પર**

**'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ**

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રામભાઈ પી.પટેલ પરિવાર | બાકરોલ(હાલ અમેરિકા) | ૨૫૦૦૦/- |
| ૨. | યોગેશભાઈ જયંતભાઈ પટેલ<br>ચિ.શમાના જન્મદિન નિમિત્તે | સુરત | ૧૦૦૧/- |
| ૩. | ગુણવંતભાઈ બી.ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૪. | ભરતભાઈ એચ.જોગી | સુરત | ૫૦૧/- |
| ૫. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૬. | દક્ષકુમાર સી. વકીલ | અમદાવાદ | ૫૦૦/- |
| ૭. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાલા | સુરત | ૨૫૧/- |
| ૮. | પૂજા મિનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## ગયેલા આત્માને....

(૧) નરોડાનિવાસી શ્રી ભીખાભાઈ અંબાલાલ પટેલ (ભીખામામા) જેઓ વર્ષોથી પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને શ્રી રણછોડજી મંદિર - નરોડાનાં ભજનમંડળના મુખ્ય કાર્યકર્તા તથા ઢોલક માસ્તર તથા ભજનિક હતા. તેઓશ્રીનું તા.૫-૫-૨૦૨૪ ના રોજ નરોડા મુકામે દેહાવસાન થયેલું છે. પૂજ્ય શ્રીમોટા તેઓને યશ કલ્યાણ પ્રેરે તથા તેમના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના....

(૨) ભજનપ્રેમી અને કડતાલના નિષ્ણાંત એવા નરોડાનિવાસી અલ્પેશ ચંદુભાઈ પટેલ (બટુકભાઈ) નું તા. ૧૮-૦૫-૨૦૨૪ ના રોજ દેહાવસાન થયેલ છે. પૂજ્ય શ્રીમોટા તેઓને યશકલ્યાણ પ્રેરે તથા તેમના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

સંપાદક

### 'હરિભાવ' માસિકનું જૂન-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. આપાભાઈ એ.કહોર | મુ.જોશીપરા-જૂનાગઢ | ૮. ક્રિષ્નકુમાર એચ.પટેલ | અમદાવાદ |
| ૨. અમીત બી.પટેલ | ગાંધીનગર | ૯. મહેશભાઈ બી.રાવત | વલસાડ |
| ૩. ભૂપતભાઈ ડી.કપોપરા | સુરત | ૧૦. નટુભાઈ એલ.જસાણી | સુરત |
| ૪. ડૉ.દર્શનભાઈ ઠાકર | સુરત | ૧૧. નટુભાઈ પટેલ | અમદાવાદ |
| ૫. હર્ષ એલ.તપાસિયા | સુરત | ૧૨. પરમ પાલનપુરી | મંડાલી, બ.કા. |
| ૬. હેમાક્ષી જે.દોમડિયા | સુરત | ૧૩. સંજય આર.પટેલ | વડોદરા |
| ૭. ડૉ.કાશીરામ પટેલ | પાટણ | ૧૪. વિશ્વરાજ એમ.કહોર | મુ.જોશીપરા-જૂનાગઢ |

### 'હરિભાવ' માસિકનું જુલાઈ-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. ભાર્ગવ ઝેડ. પટેલ | તલાલા | ૩. હસમુખભાઈ શાહ | અમદાવાદ |
| ૨. ગોરધનભાઈ એસ.પટેલ | ગાંધીનગર | ૪. શૈલેષ આઈ.પંડિત | સુરત |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી કે 'હરિભાવ'નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે.

... સંપાદક

# : જાહેર વિનંતી :

'હરિવાણી ટ્રસ્ટ'-'હરિભાવ', રૂપિયા પચાસ લાખ (રૂપિયા ૫૦ લાખ)નું કોર્પસફંડ ઊભું કરવાનું વિચારે છે. આ માટે ઓછામાં ઓછા રૂપિયા પચીસ હજાર કે તેથી વિશેષ રકમ જે સ્વજન આપશે તેમની વિગતો 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે.

તા. ૩૦-૦૬-૨૦૨૪ સુધી આ પ્રકારની કોર્પસ ફંડ માટેની રકમ સ્વીકારાશે. અમારી આ અપીલનો હકારાત્મક પ્રતિભાવ સ્વજનો તરફથી મળશે તેવી આશા અને વિનંતી છે.

- હરિવાણી ટ્રસ્ટ


- શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ, વલ્લભ વિદ્યાનગર તરફથી રૂ. ૧૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રી શશિકાંતભાઈ પટેલ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી કુમુદબહેન પટેલની પુણ્ય સ્મૃતિમાં રૂ. ૫,૫૫,૫૫૫/- દાન ભેટ મળેલ છે. હસ્તે શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ પરિવાર (વલ્લભ વિદ્યાનગર - અમેરિકા)
- શ્રીમતી ફાલ્ગુનીબહેન યોગેશભાઈ પટેલ, (સુરત) તરફથી રૂ. ૨૫,૦૦૦/- દાન ભેટ મળેલ છે.
- સ્વ. રામભાઈ પટેલ તથા સવિતાબહેન પટેલ, (સોજીત્રા) ની પુણ્ય સ્મૃતિમાં રૂ.૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે. હસ્તે ડૉ. મુકુંદભાઈ તથા ડૉ. દેવયાનીબહેન પટેલ (અમેરિકા)
- સ્વ. ડૉ. વિનોદચંદ્ર અમીન તથા સ્વ. મુક્તાબહેનની પુણ્ય સ્મૃતિમાં રૂ.૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે. હસ્તે ડૉ. દેવયાનીબહેન તથા ડૉ. મુકુંદભાઈ પટેલ (અમેરિકા)
- શ્રીમતી અમીતાબહેન અરુણભાઈ શાહ, (આણંદ) તરફથી રૂ. ૨૫,૫૦૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રીમતી કૃપા દવે તથા શ્રી લી લેકનર (અમેરિકા) તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રી મલહાર હિમાંશુભાઈ દવે (અમેરિકા) તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.
- ડૉ. યોગેશ દેસાઈ તથા શ્રીમતી હિનાબહેન દેસાઈ (અમેરિકા) તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- દાન ભેટ મળેલ છે.
- સ્વ. શ્રી ગિરીશભાઈ રાવજીભાઈ પટેલ, ભાદરણ (અમેરિકાના) સ્મર્ણાર્થે તેમનાં પત્ની ચંદ્રિકાબહેન પટેલ અને પરિવાર તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- દાન ભેટ મળેલ છે.
- સ્વ. અશોકભાઈ એન. પટેલ (પોંડિચેરી)ના સ્મરણાર્થે તેમનાં પત્ની વંદનાબહેન અને દીકરી મીરાબહેન તરફથી રૂ.૨,૦૦,૦૦૦/- દાન ભેટ મળેલ છે.

**'હરિવાણી ટ્રસ્ટ'ને કોર્પસફંડ માટેના આવેલ દાનનો કુલ સરવાળો રૂપિયા ૨૫,૬૧,૬૧૧/- થયો છે.**

તા. ૨૨-૦૫-૨૦૨૪ - હરિવાણી ટ્રસ્ટ

**HARIBHAV, JUNE, 2024**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026



નોટિસ કૈં વિના કેવી જિંદગી ખસતી જતી,
કોઈને તોય ના ભાન તેનું સ્હેજેય થાય છે.

પારકાંના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
જાણવો યજ્ઞ તે સાચો બીજો યજ્ઞ ન યોગ્ય છે.

રોટલા રળવા કાજે કલાક દસ નિત્યના,
ગાળે કેવો સદા મસ્ત થૈ લગાતાર દિલમાં.

પરિણામતણી આશા જે સેવે મન ધ્યેયમાં,
નિરાશા દિલ તેવાને સાંપડવાની નિશ્ચયે.

પરિણામતણી ચિંતા કર્યા વિના જ કર્મને
-પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે ઉમંગે કરવું ઘટે.

શ્રીમોટા

'ગુણવિમર્શ', ત્રીજી આ., પૃ. ૧,૧૬,૨૮,૨૯

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007